ENGLISH EXERCISES,

PART I.

BY

REV. T. L. WELLS, B. A.

અંગ્રેજી ભાષાંતરપાઠમાળા,

ભાગ પહેલો.

બનાવનાર

રેવરન્ડ ટી. એલ. વેલ્સ, બી. એ.

સુધારેલી નવી આવૃત્તિ—૧૦,૦૦૦ પ્રત.

અંગ્રેજી-ગૂજરાતી નિશાળોના બીજા ધોરણને માટે
આ પુસ્તક મંજૂર કરેલું છે.

Surat:

MISSION PRESS:

MR. KARSANDAS NARANDAS,
BOOKSELLER: NANAVAT.

1911.

કિંમત ૦-૩-૬.

ENGLISH EXERCISES,

PART I.

BY

REV. T. L. WELLS, B. A.

SANCTIONED FOR
STANDARD II. OF ANGLO-GUJARATI SCHOOLS.

અંગ્રેજી ભાષાંતરપાઠમાળા,

ભાગ પહેલો.

બનાવનાર

રેવરન્ડ ટી. એલ. વેલ્સ, બી. એ.

સુધારેલી નવી આવૃત્તિ ૧૦,૦૦૦ પ્રત.

એંગ્લો-ગૂજરાતી નિશાળોના બીજા ધોરણને માટે
આ પુસ્તક મંજૂર કરેલું છે.

Surat:

Mr. KARSANDAS NARANDAS,
BOOKSELLER : NANAVAT.

1911.

A HINT TO TEACHERS.

I wish to direct the attention of teachers to a peculiarity of the vocabulary which I regard as a matter of importance, and which nevertheless might escape the notice of a casual reader. The characteristic I refer to is that every English common noun is given with its appropriate article, and not as in common dictionaries without any article at all. The omission of the article is the most frequent mistake made for several years after boys begin to learn English; but this would not be the case were they properly taught from the first. Every effort should be made to make learners feel the necessity of placing an article before the names of the individual members of general classes. Instead of this the present plan tends to *prevent* learners acquiring a knowledge of the necessity of the article. A teacher asks a boy, what the English of ઘોડો is, and if the boy answers "horse," the teacher says yes. And then the boy being thus *taught to omit* the article, naturally enough reads "હું ઘોડો જોઉં છું," "I see horse." Now, there is no such thing in creation as "horse". "A horse" has a meaning, and so has "the horse," so also "horses" "and the horses" are intelligible terms, but the

word "horse" alone has no meaning to English ears whatever, and suggests nothing so much as that the utterer of it does not know English.

When a boy is asked, therefore, to give the English word for ઘોડો, he should be taught to say "a horse;" and when he replies "horse," and on all occasions when he uses a class term without an article, the teacher should *stare at him in astonishment* as if he had uttered some unintelligible sound Were this plan adopted, the boys of the class would soon perceive the necessity of the article, and in a short time would use it, as it were intuitively, as English boys do.

So also with nouns requiring the definite article. The boys of the class should never be allowed to name the noun without the article. For instance, when the teacher asks the English word for પૃથ્વી the answer "earth" should not be accepted. "Earth" means મટોડી, and the equivalent of પૃથ્વી is *the* earth; and so the boys should be taught to say.

On this principle, therefore, I give the article with every noun, and boys should be made to commit all meanings in the same way.

પહેલી આવૃત્તિની પ્રસ્તાવના.

પરભાષામાં લખેલી વાત સમજવી એ ઘણી મુશ્કેલ નથી; પણ પરભાષામાં પોતાના વિચાર શુદ્ધ રીતે જણાવવા એ ખરેખરૂં અઘરૂં છે; તો પણ જ્યાં સુધી ભાષા શુદ્ધ લખતાં ન આવડે ત્યાં સુધી ભાષા આવડી ન કહેવાય. એ ઉપરથી જણાય છે કે જે સજ્જનો અંગ્રેજી ભણે છે, તેઓએ અંગ્રેજીમાં રચતાં શીખવું જોઇએ, નહિ શીખે તો તેઓનો અભ્યાસ ઘણોજ કાચો રહેશે. ગુજરાતી વાક્યના તરજુમા અંગ્રેજીમાં કરાવ્યા વગર કોઇ પણ ઇંગ્લીશ સ્કૂલમાં ચાલતું નથી. પણ એવો અભ્યાસ કરવાની એકે ચોપડી આજ લગણ બહાર પડી નથી. વ્યાકરણ શીખવું હોય તો વ્યાકરણનું પુસ્તક છે, બીજગણિત શીખવું હોય તો બીજગણિતનું પુસ્તક મળે, ભૂતળવિદ્યા સમ્પાદન કરવી હોય તો તેનું પુસ્તક પણ તૈયાર થયું છે; પણ અંગ્રેજીમાં રચતાં શીખવું હોય તો એકે પુસ્તક મળતું નથી. આ આપણી નિશાળોમાં મોટી ખામી મને જણાઇ. તેને દૂર કરવા સારૂ અંગ્રેજી ભાષાંતરપાઠમાળા એવા નામનાં કેટલાંએક પુસ્તક રચવાનો મનસુબો કીધો. આ તેમાંનું પહેલું પુસ્તક છે અંગ્રેજી શીખનારને શરૂજ કરતાં કામમાં આવે એવી આ ચોપડી નથી. તેમાંના બધા અભ્યાસપાઠ શીખનારે લખવાના છે. માટે પહેલાં અંગ્રેજી લખતાં આવડવું જોઇએ, પણ જેણે સરકારી પ્રિમર કે કોઇ પણ નાની ચોપડીનો અભ્યાસ કીધો હોય તેને બધી વાતની સમજ પડે એવાં સાદાં વાક્ય દાખલ કરેલાં છે.

જેનો તરજુમો અંગ્રેજીમાં કરવો છે એવા અભ્યાસપાઠ સાથે બોધપાઠ પણ આવે છે, કે જેમાં પૂરતો ખુલાસો ઉદાહરણો સહિત કરેલો છે. વળી વાક્યમાં આવનાર શબ્દના અર્થ મથાળે આપેલા છે, અને પાછળના શબ્દના અર્થ ભૂલી ગયા હોય ત્યારે ગુંચવણ ન પડે માટે સઘળા પાઠના શબ્દ મૂળાક્ષરને અનુક્રમે પુસ્તકને છેડે ગોઠવેલો કોષ આપ્યો છે. તરજુમો લખવા બેસતાં અગાઉ તેને લગતા બોધપાઠમાંનો ખુલાસો બરોબર સમજવો જોઇએ. આ વાત પર મહેતાજી સાહેબોએ ખૂબ ધ્યાન દેવું જોઇએ. સમજણ પાડવા સારૂ નિશાળીઆઓને કેવા સવાલ કરવા જોઇએ એ દેખાડવા સારૂ પહેલા કેટલાક પાઠમાં પ્રશ્નો દાખલ કીધા છે.

T. L. W.

New Edition, 1911.

This edition has been carefully and thoroughly revised by Mr. Manchershaw P. Kaikobad, an old pupil of the Rev. T. L. Wells.

સાંકળિયું.

અંગ્રેજી ભાષાંતરપાઠમાળા.

ભાગ પહેલો.

પાઠ ૧.

ક્રિયાપદ–વર્તમાનકાળ.

THE VERB—THE PRESENT TENSE.

ગુજરાતીમાં જેને ક્રિયાપદ કહે છે તેને અંગ્રેજીમાં વર્બ (Verb) કહે છે. દરેક ભાષામાં ક્રિયાપદનું વિશેષ કામ છે. ક્રિયાપદ વગર કોઇ પણ વાક્ય જોડાય નહિ. હવે ક્રિયાપદ (Verb) એ મુખ્ય શબ્દ છે, માટે પહેલાં તેની વાત કરીએ.

૧) અંગ્રેજી ક્રિયાપદના પ્રત્યય બહુજ થોડા છે. વર્તમાનકાળમાં એકવચનના બીજા તથા ત્રીજા પુરૂષના પ્રત્યય છે. બીજા પુરૂષનો પ્રત્યય est છે અને ત્રીજા પુરૂષનો s છે પણ અનેકવચનમાં કશો પ્રત્યય નથી. જ્યાં પ્રત્યય નથી ત્યાં ક્રિયાપદ એકલું આવે છે.

ઉદાહરણ.

એકવચન.	અનેકવચન.
હું ચાલું છું I walk	અમે ચાલીએ છીએ We walk
તું ચાલે છે Thou walk-est	તમે ચાલો છો You walk
તે ચાલે છે He walk-s	તેઓ ચાલે છે They walk

ક્રિયાપદ સાથે (I, Thou, He, We, You, They) એ સર્વનામ પણ આપેલાં છે, તે પણ ધ્યાનમાં લેવાં.

૨) પહેલાં કર્ત્તા, પછી ક્રિયાવિશેષણ કે કર્મ, અને છેલ્લું ક્રિયાપદ, એમ ગુજરાતીમાં વાક્ય ગોઠવાય છે, પણ અંગ્રેજી ગોઠવણીમાં એટલો ફેર છે કે, કર્ત્તા, પછી ક્રિયાપદ અને છેલ્લું ક્રિયાવિશેષણ અથવા કર્મ આવે છે.

ગુજરાતી ગોઠવણી :— { ૧. કર્ત્તા, કર્મ ક્રિયાપદ.
૨. કર્ત્તા, ક્રિયાવિશેષણ, કર્મ.

અંગ્રેજી ગોઠવણી :— { ૧. કર્ત્તા, ક્રિયાપદ, કર્મ.
૨. કર્ત્તા, ક્રિયાપદ, ક્રિયાવિશેષણ.

ગુજ. તે ચોપડી વાંચે છે.
અંગ્રે. તે વાંચે છે ચોપડી.—He reads a book.
ગુજ. તે ઠીક વાંચે છે.
અંગ્રે. તે વાંચે છે ઠીક.—He reads well.

ઉપલી બે કલમમાં જે વાત આવી તે શીખનાર સમજ્યા કે નહિ એ જાણવા માટે થોડા પ્રશ્ન આપીએ છીએ. તે પ્રશ્નના ઉત્તર ચોપડીમાં જોયા વગરજ આપવા.

પ્રશ્નો.

૧. વર્ત્તમાનકાળમાં અંગ્રેજી ક્રિયાપદના કયા કયા પ્રત્યય થાય છે?
૨. એક વચનના બીજા પુરૂષનો કયો પ્રત્યય છે?
૩. એક વચનના ત્રીજા પુરૂષનો કયો પ્રત્યય છે?
૪. Est અને s સિવાય વર્ત્તમાનકાળે બીજા પ્રત્યય નથી શું?
૫. કયા કયા રૂપને (વચન અને પુરૂષને) પ્રત્યય નથી લાગતા?
૬. પ્રત્યય ન હોય ત્યારે કેમ કરવું?

૭. હું, તું, તે, અમે, તમે, તેઓ એ સર્વનામનાં અંગ્રેજીમાં જે રૂપ થાય છે તે કહો.

૮. He walk કે They walks એમ બોલાય? એમાં શું ખોટું છે?

૯. ગુજરાતી અને અંગ્રેજી વાક્ય ગોઠવવાની રીતમાં શો ફેર છે?

૧૦. વાક્ય ગોઠવવાની રીતમાં જે ફેર છે તેના બે દાખલા આપો.

૩) અભ્યાસપાઠ–(ભાગ ૧).

નીચલા પાઠમાં જે શબ્દો આવે છે તેનું અંગ્રેજી અહીંઆં આપેલું છે

બીવું to fear	શીખવું to learn
આવવું to come	લખવું to write
સવાર થઇને જવું to ride	તે છોકરો that boy
મોકલવું to send	તે છોકરા those boys
બોલવું to speak	આ છોડી this girl
કામ કરવું to work	આ છોડીઓ these girls
રોજ every day	જવું to go
જોવું to see	સીવવું to sew (સો)
અંગ્રેજી English	કોણ? who?

આ બે અભ્યાસપાઠમાં ૫૦ નાનાં વાક્ય લખેલાં છે. ઉપર જે ખુલાસો આવી ગયો તે પર ધ્યાન રાખી એકએક વાક્યનો તરજુમો કોરા કાગળની ચોપડીમાં સફાઇથી લખવો.

૧. હું દોડું છું. ૨. તું જાય છે. ૩. તે બીએ છે. ૪. તમે આવો છો. ૫. અમે આવીએ છીએ. ૬. તેઓ સવાર થઇને જાય છે. ૭. કોણ દોડે છે? ૮. તે દોડે છે. ૯. તેઓ દોડે છે. ૧૦. અમે બોલીએ છીએ. ૧૧. તમે રોજ કામ કરો છો. ૧૨.

તેઓ જુએ છે. ૧૩. તુ જુએ છે. ૧૪. તે જુએ છે. ૧૫. તે છોકરો લખે છે. ૧૬. આ છોડી વાંચે છે. ૧૭. તે છોકરા જાય છે. ૧૮. આ છોડી સારૂં સીવે છે. ૧૯. કોણ બોલે છે? ૨૦. આ છોકરો બોલે છે. ૨૧. આ છોકરા બોલે છે. ૨૨. હું અંગ્રેજી શીખું છું. ૨૩. તેઓ અંગ્રેજી શીખે છે. ૨૪. તે અંગ્રેજી શીખે છે. ૨૫. કોણ અંગ્રેજી શીખે છે?

૪) અભ્યાસપાઠ—(ભાગ ૨).

મરાઠી Marathi
ઇશ્વર God
ભજવું to worship
આપણને, અમને us
પાપ sin
ધિક્કારવું to hate
વાંચવું to read
વરસાદ rain
ચોપડીઓ books
શિક્ષક the teacher
બધું all
સંભાળવું to preserve
જાણવું to know
મારો my
બાપ a father
પાણી water
પીવું to drink
દૂધ milk
તે ઘોડો that horse
નિશાળે to school
ચહાવું to love

૧. આ છોડીઓ મરાઠી બોલે છે. ૨. આ છોકરો અંગ્રેજી બોલે છે. ૩. અમે ઇશ્વરને ભજીએ છીએ. ૪. ઇશ્વર અમને જુએ છે. ૫. ઇશ્વર પાપને ધિક્કારે છે. ૬. તુ અંગ્રેજી વાંચે છે. ૭. તુ ચોપડીઓ વાંચે છે. ૮. ઇશ્વર આપણને ચાહે છે. ૯. મારો બાપ અંગ્રેજી જાણે છે. ૧૦. તે અંગ્રેજી બોલે છે. ૧૧. તે રોજ અંગ્રેજી ચોપડીઓ વાંચે છે. ૧૨. તે છોકરો પાણી પીએ છે. ૧૩. તે છોડીઓ દૂધ પીએ છે. ૧૪. તે ઘોડો દોડે છે. ૧૫. અમે જઇએ છીએ. ૧૬. અમે નિશાળે જઇએ છીએ.

૧૭. અમે રોજ નિશાળે જઇએ છીએ. ૧૮. આ છોકરીઓ જાય છે. ૧૯. શિક્ષક આવે છે. ૨૦. શિક્ષક અંગ્રેજી સારૂં (well) બોલે છે. ૨૧. ઇશ્વર બધું સંભાળે છે. ૨૨. મારી બેન સીવે છે. ૨૩. કોણ વરસાદ મોકલે છે? ૨૪. ઇશ્વર વરસાદ મોકલે છે. ૨૫. ઘોડા પાણી પીએ છે.

પાઠ ૨.

વર્ત્તમાનકાળ વિષે.

THE PRESENT TENSE—CONTINUED.

અંગ્રેજી ક્રિયાપદના વર્ત્તમાનકાળના જે બે પ્રત્યય (est ને s) છે તે શીખનાર શીખી ગયા છે, પણ તે વિષે જેટલું જાણવાનું છે તે બધું હજી શીખ્યા નથી; બાકી જે રહ્યું તે હવે બતાવીએ છીએ.

૫) જ્યારે ક્રિયાપદને છેડે ss, sh, ch, x, એ વ્યંજનો આવે ત્યારે ત્રીજા પુરૂષમાં s ને બદલે es લખવો. એનું કારણ એ છે કે ss, sh, ch, x, એ ઉષ્માક્ષરો છે, તેમની સાથે s જોડીએ તો s નો ઉચ્ચાર થઇ શકે નહિ, માટે વચ્ચે e મૂકવાની જરૂર છે; જેમકે to dress (લુગડાં પહેરવાં) એને છેડે જો માત્ર s મૂકીએ તો dresss થાય. એનો ઉચ્ચાર થાયજ નહિ. તેથી dress ને છેડે es મૂકીએ તો dresses એવો સ્પષ્ટ ઉચ્ચાર થઇ શકે.

ઉદાહરણ:—He dress-es. (તે લુગડાં પહેરે છે), The army march-es (લશ્કર કૂચ કરે છે), He mix-es (તે મેળવે છે).

૬) ક્રિયાપદને છેડે y હોય અને y ની પૂર્વે વ્યંજન હોય તો y નો i કરવો ને પછી est અને es લગાડવાં. જેમકે, try (યત્ન કરવું), Thou tri-est, he tri-es. પણ જો y ની પૂર્વે સ્વર હોય તો કશો ફેરફાર ન કરતાં માત્ર est અને s લગાડવાં—જેમકે Thou say-est (તું કહે છે), he says (તે કહે છે).

Dry (સૂકાવું કે સૂકવવું) એ ક્રિયાપદનાં વર્તમાનકાળનાં છ રૂપ:—

એકવચન.	અનેકવચન.
I dry	We dry
Thou driest	You dry
He dries	They dry

Do (કરવું) એ ક્રિયાપદનાં વર્તમાનકાળનાં છ રૂપ:—

એકવચન.	અનેકવચન
I do	We do
Thou doest	You do
He does	They do

૭) Say (કહેવું), reach (પહોંચવું), rush (ધસવું), fly (ઉડવું), press (દબાવવું)—એ પાંચ ક્રિયાપદનાં ઉપર પ્રમાણે એકવચન તથા અનેકવચનનાં રૂપ લખો.

પ્રશ્નો.

૧. વર્તમાનકાળના ત્રીજા પુરૂષનો પ્રત્યય s છે તેને બદલે es ક્યારે લખવો?
૨. S ને બદલે es લખવાનું શું કારણ જણાય છે?

૩. Est અને es પ્રત્યયો લગાડ્યા પહેલાં કેટલાંક ક્રિયાપદમાં અંત્યાક્ષર બદલવો પડે છે, તે કેવાં ક્રિયાપદ અને તેમાં શું બદલવું પડે છે?*

૮) અભ્યાસપાઠ–(ભાગ ૧).

દૂધ milk
ચા tea
ઓ ઇશ્વર Oh! God
બહાર out
ધસવું to rush
પેલો આંધળો માણસ that blind man
ભડકવું to shy
ઘણું much
ભીખ માગવી to beg
કબૂલ કરવું to confess
અમને us
મૂકવું to lay
પક્ષી the bird
બેસવું to sit
તમને you
હાથ a hand
મને me
ભેળવું to mix
દરવાજે the door
કુતરો the dog
કરડવું to bite
મારવું to beat
કામ work
ઉડવું to fly
પ્રાર્થના કરવી to pray
સારો good
લોક people
પાણી water
બંધ કરવું to shut

૧. તે દૂધ અને ચા ભેળે છે. ૨. તે બહાર ધસે છે. ૩. અમે બહાર ધસીએ છીએ. ૪. તું બહાર ધસે છે. ૫. તે ઘણું કામ કરે છે. ૬. ઘોડો ભડકે છે. ૭. તું બેસે છે. ૮. તે બેસે છે. ૯. અમે બેસીએ છીએ. ૧૦. તેઓ કૂચ કરે છે. ૧૧. તે મારો

---

*અંગ્રેજી જોડણી વિષે એવો સાધારણ નિયમ છે કે y શબ્દને છેડેજ આવે, વચ્ચે ન આવે; પણ પ્રત્યય લગાડ્યાથી તે વચલે ભાગે આવે છે માટે એવે પ્રસંગે તેનો i કરવો પડે છે.

હાથ દબાવે છે. ૧૨. તે કુતરો તેમને કરડે છે. ૧૩. ઓ ઇશ્વર, તું અમને જુએ છે. ૧૪. તે દોડે છે. ૧૫. તમે દોડો છો. ૧૬. પક્ષી ઈંડાં મૂકે છે. ૧૭. તે પોતાનાં પાપ કબૂલ કરે છે. ૧૮. તે દરવાજો બંધ કરે છે. ૧૯. કુતરો મને કરડે છે. ૨૦. તું મને કરડે છે. ૨૧. તે તમને મારે છે. ૨૨. તે ભીખ માગે છે. ૨૩. પેલો આંધળો માણસ ભીખ માગે છે. ૨૪. તે આંધળો છોકરો ભીખ માગે છે. ૨૫. ઇશ્વર તમને ચાહે છે. ૨૬. તું પ્રાર્થના કરે છે. ૨૭. તે છોકરી રોજ પ્રાર્થના કરે છે. ૨૮. તે અમને મોકલે છે. ૨૯. પક્ષી ઉડે છે. ૩૦. તે પ્રાર્થના કરે છે. ૩૧. અમે પ્રાર્થના કરીએ છીએ. ૩૨. સારા લોક રોજ પ્રાર્થના કરે છે.

અભ્યાસપાઠ—(ભાગ ૨).

નીચેનાં વાક્યોમાં કૌંસ લખ્યા છે, તે કર્તા, કર્મ કે ક્રિયાપદની ખાલી જગા દેખાડે છે તે કૌંસમાં યોગ્ય શબ્દો લખો.

( ) sittest. ( ) rushes out. We ( ). The dog ( ) him. I see ( ). The bird ( ) eggs. We learn ( ). The poor man ( ). Thou ( ) Marathi. ( ) shies. ( ) begs. ( ) marches. Oh God! Thou ( ) us. We ( ) sin. ( ) sends rain? ( ) drinks milk. ( ) go to school. ( ) goes to school. We ( ) on the slate. The dog bites ( ). ( ) readest. ( ) knows me. We mix ( ). Cats ( ) milk ( ) ( ) to school. The teacher knows ( ).

પાઠ ૩.

TO BE (થવું, હોવું) નાં વર્તમાનકાળનાં રૂપ.

THE PRESENT TENSE OF TO BE.

૯) To be ક્રિયાપદનાં વર્તમાનકાળનાં રૂપ જુદી તરેહનાં થાય છે. વર્તમાનકાળે એકવચનનાં ત્રણ રૂપ અને અનેકવચનમાં એકજ રૂપ છે. તે નીચે પ્રમાણે:—

એકવચન.		અનેકવચન.
૧.	હું છું I am	અમે છીએ We are
૨.	તું છે Thou art	તમે છો You are
૩.	તે છે He is	તેઓ છે They are

૧૦) ગુજરાતીમાં વિકારી અને અવિકારી એવા બે જાતના વિશેષણ થાય છે, પણ અંગ્રેજીમાં બધાં વિશેષણ અવિકારી છે. ઉદાહરણ:—સારો છોકરો the good boy. સારી છોડી the good girl. સારા છોકરા the good boys.

૧૧) અંગ્રેજીમાં માત્ર બેજ વિશેષણ વિકારી છે. તે This અને That છે. તેનાં બહુવચનનાં રૂપ These અને Those છે.

ઉદાહરણ.

આ છોકરો This boy	આ છોકરાઓ These boys
તે (પેલી) છોકરી That girl	તે (પેલી) છોકરીઓ Those girls

પ્રશ્નો.

૧. To be ક્રિયાપદને અનિયમિત કહેવાનું શું કારણ છે?

૨. તે છે અને તેઓ છે. અંગ્રેજીમાં એ કેમ બોલાય છે?

૩. ગુજરાતી વિશેષણમાં કેટલા ભેદ છે, અને અંગ્રેજીમાં કેટલા છે? તેનાં ઉદાહરણ આપો.

૧૨) અભ્યાસપાઠ (ભાગ ૧).

નાનું small, little
મોટું big, large
ઘોડો the horse
ઘાસ grass
સુકું dry
સુકું ઘાસ hay
મારૂં my
તેનું his
ગાય the cow
અહીંઆં here
એક one
બે two
થોડા a few
બેન a sister
બેનો sisters
પડવું to fall
સારીપેઠે, સારૂં well
ભાઇ a brother
સારો good
મને me
ચરવું to graze
જલદી fast, quickly
ઉંદરો rats
ઊંચું tall, high
નિશાળે જવું to go to school
કડીઆ masons
લુહારો blacksmiths
ઘડવું to forge
ડોસો an old man
લૂલો lame
રાજા a king
મહેલ a palace
રહેવું to live, to dwell
બાંધવું to build

૧. તે સારો છોકરો નિશાળે જાય છે. ૨. આ ચોપડી નાની છે. ૩. અમે મોટા છીએ. ૪. તે ઘોડો ઘાસ ખાય છે. ૫. મારો મોટો ઘોડો સુકું ઘાસ ખાય છે. ૬. આ ઘાસ સુકું છે. ૭. આ ઘાસ છે. ૮. મારી ગાય અહીંઆં છે. ૯. આ ગાયો મોટી છે. ૧૦. આ મોટી ગાય ચરે છે. ૧૧. મારો ઘોડો જલદી દોડે છે. ૧૨. તે લુહારો ઘણું કામ કરે છે. ૧૩. હું બે ઉંદર જોઉં છું. ૧૪. રોજ હું એક ચોપડી વાંચું છું. ૧૫. અમે ઉંચા છીએ. ૧૬. તેઓ થોડા છે. ૧૭. મારી બેન પડે છે. ૧૮. મારી બેન સારી પેઠે છે. ૧૯. તું મારો ભાઇ છે. ૨૦ પરમેશ્વર મને જુએ છે.

૨૧. મારી બેનો નાની છે. ૨૨. મારો નાનો ભાઇ રોજ નિશાળે જાય છે. ૨૩. કડીઆ ઘરો બાંધે છે. ૨૪. લુહારો લોઢું ઘડે છે. ૨૫. એ ડોસો બહુ ભલો છે. ૨૬. સારા ઘોડા જલદી દોડે છે. ૨૭. આ છોકરો લૂલો છે. ૨૮. રાજાઓ મહેલમાં રહે છે. ૨૯. મારી બેનો મને જુએ છે. ૩૦. તેની બેનો મારી ગાયને મારે છે ૩૧. પેલા કડીઆઓ અહીંઆં છે.

૧૩) અભ્યાસપાઠ (ભાગ ૨).

તેનું his
તે (વિશેષણ) that
તે (સર્વનામ) he
તેને him
તેઓ they
પાઠ a lesson
ગરીબ poor
સુંદર pretty
લાલ red
છોકરૂં a child
કાકો uncle
પૈસાદાર rich
આપણું our
ઓળખવું to know
ફૂલ a flower
દીકરો a son
દેવું, આપવું, to give
જુવાન young
અમારૂં our

ચપ્પુ a penknife
છરી a knife
ટાઢું cold
દીકરા sons
ગરમ warm
ટોપલી a basket
ઘઉં wheat
સુખી happy
ખાલી empty
દેખાવું to look to appear
વાડ a hedge
વાડી a garden
માળી a gardener
બનાવવું to make
ભરેલી full
મોઘું dear
નોકર a servant
માંદું ill

૧. હું તેની બેન છું. ૨. તે મારો દીકરો છે. ૩. તે ટોપલી ભરેલી છે. ૪. આ છોકરો મારી ચોપડી વાંચે છે. ૫. આ છોડી સારૂં વાંચે છે. ૬. હું મારો પાઠ શીખું છું. ૭. તેઓ ગરીબ છે. ૮. તમે સારૂં વાંચો છો. ૯. આ પુરૂષોત્તમ છે, હું તેને ઓળખું છું. ૧૦. હું તેને ચાહું છું. ૧૧. અમારા બે દીકરા સારૂં બોલે છે. ૧૨. મારો દીકરો નિશાળે જાય છે. ૧૩. આ તેનો ચપ્પુ છે. ૧૪. આ મારી છરી છે. ૧૫. આ છરી સારી છે. ૧૬. તેઓ સુંદર છે. ૧૭. ઇશ્વર સારો છે, તે તમને ચાહે છે. ૧૮. આ ફૂલ લાલ છે. ૧૯. તે ફૂલો સુંદર છે. ૨૦. આ બાળક સુખી દેખાય છે. ૨૧. આ નાનું છોકરૂં સુંદર છે. ૨૨. મારો કાકો પૈસાદાર છે. ૨૩. આપણી વાડી સારી છે. ૨૪. આ માળી વાડી સારી બનાવે છે. ૨૫. તે સારી ગાય ઘણું દૂધ દે છે. ૨૬. આ પાણી ટાઢું છે. ૨૭. મારો ઘોડો જુવાન છે. ૨૮. આ ટોપલી નાની છે. ૨૯. ઘઉં મોંઘાં છે. ૩૦. હું સુખી છું. ૩૧. તે મારો નોકર છે. ૩૨. તે ટોપલી ખાલી છે. ૩૩. તમે માંદા દેખાઓ છો.

પાઠ ૪.

TO HAVE ક્રિયાપદનો વર્ત્તમાનકાળ.

THE PRESENT TENSE OF TO HAVE.

૧૪) કબજે છે એવો વિચાર જણાવવા સારૂ ગુજરાતીમાં "પાસે છે" એવું બોલવાની રીત છે. પણ અંગ્રેજીમાં એ વિચાર જણાવવા to have એવું એક ખાસ ક્રિયાપદ છે. તેના વર્ત્તમાનકાળનાં રૂપ નીચે પ્રમાણે થાય છે:—

એકવચન.	અનેકવચન.
મારી પાસે છે I have	અમારી પાસે છે We have
તારી પાસે છે Thou hast	તમારી પાસે છે You have
તેની પાસે છે He has	તેઓની પાસે છે They have

૧૫) મને છે, અને મારી પાસે છે, એ બેનો અર્થ મળતો છે. અને અંગ્રેજીમાં to have થીજ બેઉનો તરજુમો થાય છે. પણ જ્યારે કબજે છે એવું ન બતાવવું હોય પણ પાસે છેનો અર્થ નજદીક છે એવો થતો હોય ત્યારે to have વાપરવું નહિ પણ is near, is beside એમ બોલવું. તે ઝાડ નદી પાસે છે The tree is near the river.

ઉદાહરણ.

મારી પાસે બે ચોપડી છે	I have two books
છોકરા પાસે ત્રણ કલમ છે	The boy has three pens
ગાયને ચાર પગ હોય છે	The cow has four feet
આ માણસને બે દીકરા છે	This man has two sons
તેનું ઘર વાડી પાસે છે	His house is near the garden.

૧૬) અભ્યાસપાઠ

રોજ daily	પાસે by, beside
દેવની પ્રાર્થના કરવી to pray to God	મારી પાસે beside me
જુનું old	બેસે છે sits
સોય a needle	બેઠેલો છે is sitting
તમારૂં your	સીસાપેન a pencil
ખડીઓ an inkstand	ભાઇ a brother
પૂછડું a tail	રમકડું a toy
બેસવું to sit	શિક્ષક પાસે beside the teacher
માબાપ parents	બળદ an ox
માન આપવું to honour	અને and
નઠારૂં bad, wicked	તેમના their
શિક્ષા કરવી to punish	ઢીંગલી, પુતળી a doll

૧. મારી બેન પાસે એક સુંદર ઢીંગલી છે. ૨. તેના ભાઇકને એક રમકડું છે. ૩. તે રોજ દેવની પ્રાર્થના કરે છે. ૪. મારી પાસે એક ચપ્પુ છે. ૫. તારી પાસે એક સારી કલમ છે. ૬. તેની પાસે આપણી નાની સીસાપેન છે. ૭. તારી પાસે મારી સોય છે. ૮. અમારી પાસે તમારી ચોપડીઓ છે. ૯. મારી પાસે ગોવિંદ બેઠો છે. ૧૦. ગોવિંદ પાસે મારી ખાલી ટોપલી છે. ૧૧. મારા નાના ભાઇ પાસે એક સુંદર લાલ ફૂલ છે. ૧૨. અમારી નાની બેન પાસે એક પૂતળી અને એક રમકડું છે. ૧૩. તે બળદને લાંબું પૂછડું છે. ૧૪. શિક્ષક પાસે એક જુની ચોપડી છે. ૧૫. તે શિક્ષક પાસે બેસે છે. ૧૬. અમે મહેતાજી પાસે બેઠા છીએ. ૧૭. આ માણસને ઘણું કામ છે. ૧૮. સારા છોકરા તેમનાં માબાપને માન આપે છે. ૧૯. સારા શિક્ષકો નઠારા છોકરાને શિક્ષા કરે છે. ૨૦. એમને એક છોકરો છે. ૨૧. તે પોતાના શિક્ષકને માન આપે છે. ૨૨. બાળકો ઝાડ પાસે બેઠા છે. ૨૩. મને ઘણું કામ છે. ૨૪. અમારા ભાઇઓ અને બેનો વાડી પાસે બેઠાં છે. ૨૫. પેલા છોકરાઓ ઝાડ પાસે બેઠેલા છે. ૨૬. આ છોકરા પાસે ખડીઓ, કલમ અને સીસાપેન છે.

પાઠ ૫.

નામનાં અનેકવચનરૂપ વિષે.

THE PLURAL OF NOUNS.

૧૭) ગુજરાતીમાં અનેકવચનનો પ્રત્યય ઓ છે. અંગ્રેજીમાં અનેકવચનનો પ્રત્યય s છે. જેમકે ઘોડાઓ horse-s, ડગલાઓ coat-s.

૧૮) પણ જો નામને છેડે ss, sh, ch (ચ) તથા x, એ વ્યંજનો આવે તો અનેકવચનનું રૂપ es લગાડે થાય છે. *જેમકે class-es (વર્ગો), fish-es (માછલીઓ), church-es (દેવળો).

કેટલાંક અંગ્રેજી નામને છેડે o આવે છે તેનું અનેકવચન પણ es થી થાય છે. જેમકે buffalo-es (ભેંસો).

૧૯) નામને છેડે જો y હોય અને y ની પહેલાં વ્યંજન હોય તો y નો i કરવો, ને પછી es પ્રત્યય લગાડવો. જેમકે fly (માખી) fli-es (માખીઓ). પણ જો y ની પહેલાં સ્વર હોય તો ફક્ત s લગાડવો. જેમકે boy-s (છોકરાઓ), day-s (દહાડા).

પ્રશ્નો.

૧. અંગ્રેજીમાં નામનું અનેકવચનરૂપ કયો પ્રત્યય લગાડે થાય છે?

૨ Es પ્રત્યય ક્યારે વાપરવો?

૩. અંત્યાક્ષર o હોય તો s લગાડવો કે es? તેનાં ઉદાહરણ આપો.

૪. અનેકવચન રૂપનાં સંબંધમાં y વિષે કેવો નિયમ છે?

*એવું જોવામાં આવ્યું છે કે ક્રિયાપદનો s પ્રત્યય તે એકવચનમાંજ આવે છે અને નામનો s પ્રત્યય તે અનેકવચનનો છે. એ ઉપરથી એવો નિયમ બંધાય કે કર્ત્તામાં s હોય તો ક્રિયાપદમાં ન જોઇએ અને ક્રિયાપદમાં s હોય તો કર્ત્તામાં ન જોઇએ.

૨૦) અભ્યાસપાઠ.

એક one
બે two
ત્રણ three
ચાર four
પાંચ five
છ six
સાત seven
આઠ eight
નવ nine
દશ ten
ખુરસી a chair
દહાડો a day
ઘણા many
તસુ an inch
લશ્કર an army
પટાટો a potato
પાનું a page
વાર્ત્તા a story
કહી સંભળાવવું, કહેવું to tell
કુચી a key
કેરી a mango
કેટલીક some
ગાય the cow
લાંબું long
દેવળ a church
પેટી a box
નાનું ઘડિઆળ a watch
આ શહેરમાં in this city
ઇચ્છા a wish
થાંભલો a pillar
સીદી a negro
ખેતરમાં in the field
કલમ a pen
કે, અથવા or

૧. ત્રણ ખુરસીઓ. ૨. બે દહાડા. ૩. ચાર તસુ. ૪. ઘણાં લશ્કર. ૫. પાંચ પટાટા. ૬. તે વાર્તા કહી સંભળાવે છે. ૭. આ મારી કુચીઓ છે. ૮. આ કેરીઓ સારી છે. ૯. હું ત્રણ ઘોડા અને છ ગાય જોઉં છું. ૧૦. આ ટોપલીઓ ખાલી છે. ૧૧. એક ભરેલી છે, અને બે ખાલી છે. ૧૨. કેટલીક પેટીઓ મોટી છે, અને કેટલીક નાની છે. ૧૩. મારી પાસે બે ઘડિઆળ છે. ૧૪. આ મોટાં દેવળો છે. ૧૫. આ ઘરને છ થાંભલા છે. ૧૬. મારી ભલી ઇચ્છાઓ. ૧૭. આ શહેરો પૈસાદાર છે. ૧૮. આ સાત સીદીઓ ખેતરમાં કામ કરે છે. ૧૯. હું આઠ

કે નવ પાનાં શીખું છું. ૨૦. અમે ચોપડીનાં દશ પાનાં રોજ વાંચીએ છીએ. ૨૧. ગોવિંદ પાસે બે નવી ઘડિઆળો છે. ૨૨. તે સુંદર દેવળોને ઘણા થાંભલા છે. ૨૩. આ ચોપડી પાંચ તસુ લાંબી છે. ૨૪. ગાયને બે શીંગડાં અને એક લાંબી પૂછડી છે.

પાઠ ૬.

અનિયમિત અનેકવચન.

IRREGULAR PLURALS.

કેટલાંક અંગ્રેજી નામનું અનેકવચન રૂપ s લગાડે થતું નથી. તેમને સારૂ એક નિયમ નથી, કેમકે અનેકવચન રૂપ જુદી જુદી રીતે થાય છે, તેથી તેટલાં શબ્દનાં રૂપ તો ગોખવાં પડે છે, પણ તેમની સંખ્યા નાની છે માટે તે શીખવાને ઘણી મહેનત પડતી નથી.

૨૧) નીચલાં નામનાં અનેકવચન રૂપ અનિયમિત રીતે થાય છે:—

પુરૂષ a man	પુરૂષો men	a નો e થાય છે.
બાયડી a woman	બાયડીઓ women	
પગ a foot	પગો feet	oo નો ee થાય છે.
હંસ a goose	હંસો geese	
દાંત a tooth	દાંતો teeth	
ઉંદર a mouse	ઉંદરો mice	ou નો i થાય છે.
જૂ a louse	જૂઓ lice	
બળદ an ox	બળદો oxen	en પ્રત્યય લાગે છે.
બાળક a child	બાળકો children	

પ્રશ્નો.

૧. શું બધાં નામનું અનેકવચન રૂપ અંગ્રેજીમાં એકજ રીતિએ થાય છે?

૨. a નો e કરે કયાં નામનું અનેકવચન રૂપ થાય છે?

૩. tooth એ નામનું અનેકવચન રૂપ કેમ થાય છે? બીજાં કયાં નામનું અનેકવચન રૂપ એમજ થાય છે?

૪. ox એ નામનું અને child એ નામનું અનેકવચન રૂપ સરખીજ રીતે થાય છે શું?

૨૨) અભ્યાસપાઠ.

મોજું a sock, a stocking
ગૂંથવું to knit
ઊંચું tall
સફેત white
આ (એકવચન) this
આ (અનેકવચન) these
જોવું to see
મારાં બે both my
બોલાવવું to call
કોળવાઇ a trap, a rat-trap
કેવા how
કોળવાઇમાં જવું to go into the trap
અરબસ્તાનમાં in Arabia
કેવળ, ફક્ત only

ખેડુતની પાસે છે-ખેડુતને ત્યાં છે the farmer has
પત્થર પાટી a slate
સાફ clean
ગધેડું an ass, a donkey
ઓરડો a room
તરવું to swim
કુંભાર a potter
તળાવ a pond
પહોળા broad
ખવડાવવું to feed
મેજ a table
ઊંટ a camel
લોકો people

૧. હું એક પુરૂષને ખેતરમાં જોઉં છું. ૨. બે પુરૂષ વાડની પાસે બેઠા છે. ૩ એક બાયડી મોજાં ગૂંથે છે. ૪. બે બાયડી

મોજાં ગૂંથે છે ૫. હું પાંચ ફૂટ ઊંચો છું. ૬. આ એક ફૂટ લાંબું છે. ૭. આ ઓરડો નવ ફૂટ લાંબો છે, ને છ ફૂટ પહોળો છે. ૮. આ છોકરો હંસોને ખવડાવે છે. ૯. આ છોડીઓ હંસોને બોલાવે છે. ૧૦. આ છોકરાં મારા પગમાં મારે છે. ૧૧. આ ખેડુતને ત્યાં બે ઘોડા અને છ ગાયો છે. ૧૨. ખેડુત (the) તેના બળદોને ખવડાવે છે. ૧૩. અમે અમારા બેઉ બળદોને ખવડાવીએ છીએ. ૧૪. ત્રણ ઉંદર કોળવાડમાં જાય છે. ૧૫. ચાર હંસ તળાવમાં તરે છે. ૧૬. હું કોળવાડમાં કેવળ બે ઉંદર જોઉં છું. ૧૭. એક ઘોડાને ચાર પગ હોય છે. ૧૮. તેનાં દાંત સાફ છે. ૧૯. તેનાં દાંત કેવાં સફેત છે. ૨૦. બે ગાય અને ચાર બળદ ખેતરમાં ચરે છે. ૨૧. આ બાયડીને બે બાળક છે. ૨૨. બે બાયડી અને ચાર છોકરાં વાડીમાં રોજ કામ કરે છે. ૨૩. ગાય કેવી સાફ છે. ૨૪. તમારા બેઉ હાથ કેવા સાફ છે. ૨૫. તમારી પત્થર પાટી કેવી સાફ છે. ૨૬ મારી પાસે એક મેજ અને ત્રણ ખુરસીઓ છે. ૨૭. અમે સાત છીએ. ૨૮. કુંભાર પાસે ઘણાં ગધેડા છે. ૨૯. તેની પાસે એક ખડીઓ, બે કલમ અને એક નાની સીસાપેન છે. ૩૦. અરબસ્તાનમાં લોકો ઊંટ પર સવારી કરે છે. ૩૧. છ ઊંટ અને દશ ગધેડાં ખેતરમાં ચરે છે. ૩૨. તે ઊંટ પર મારો ભાઇ સવારી કરે છે.

પાઠ ૭.

આજ્ઞાર્થ.

THE IMPERATIVE MOOD.

૨૩) જેમ ગુજરાતીમાં તેમ અંગ્રેજીમાં ક્રિયાપદ આજ્ઞાર્થમાં મૂળરૂપે વપરાય છે, જેમકે, જા અને પેલી ચોપડી લાવ. Go

and bring that book. તમારૂં નામ લખો. Write your name.

આજ્ઞાર્થમાં હુકમનો તેમજ વિનંતી કે બોધનો અર્થ રહેલો છે. જેમકે, રોજ ઇશ્વરને ભજો. Worship God daily; ભાઇ, મને રસ્તો બતાવ. Friend show me the way.

૨૪) ગુજરાતીમાં આજ્ઞાર્થ ક્રિયાપદનાં બે રૂપ થાય છે, એક વર્તમાનકાળનું અને બીજું ભવિષ્યકાળનું:—

	વર્તમાનકાળ.	ભવિષ્યકાળ.
એકવચન.	કર	કરજે
બહુવચન.	કરો	કરજો

પણ અંગ્રેજીમાં વર્તમાનકાળ રૂપ માત્ર વપરાય છે. જેમકે તમારૂં નામ લખો Write your name. તમારૂં નામ લખજો Write your name.

૨૫) અભ્યાસપાઠ (ભાગ ૧).

મદ્રાસ Madras	આમ thus
બતાવવું to point out	બોલાવવું to call
હિંદુસ્તાનનો of India	આ છે here is
બેસી જવું to sit down	સુરત Surat
ઘંટ the bell	નકશો the map
ધરવું, પકડવું to hold	મોતી Moti
ઉભા થવું to stand up	આળસુ idle
તમારી ચોપડી your book	વાંચવું to read
ધીમેથી slowly	લેવું to take
વગાડવું to ring	થવું to be
	પ્રામાણિક honest

૧. તમારી ચોપડી વાંચો. ૨. મોતી, જા અને નકશો લાવ. ૩. આ હિંદુસ્તાનનો નકશો છે. ૪. મદ્રાસ બતાવો. ૫. જા અને ઘંટ વગાડ. ૬. છોકરાઓ, ધીમેથી વાંચો. ૭. મોતીને બોલાવો ૮. મોતી, આ ચોપડી લે. ૯. તમારી ચોપડી આમ પકડો ૧૦. છોકરાઓ, બેસી જાઓ. ૧૧. જાઓ, સુરત બતાવો. ૧૨. આ સુરત છે. ૧૩. પાપને ધિક્કારો. ૧૪. ઉભો થા અને તારો પાઠ વાંચ. ૧૫. તમારી ચોપડીઓ સાફ રાખો. ૧૬. મોતી જા, અને દરવાજો બંધ કર. ૧૭. રોજ નિશાળે જજો અને તમારા પાઠ વાંચજો. ૧૮. પેલી કલમ લો અને તમારા પાઠ લખો. ૧૯. બેન, તું દૂધ પીજે. ૨૦. મોતી, માળીને બોલાવ અને તેને ટોપલી આપ. ૨૧. જલદી દોડો અને લુહારને બોલાવો. ૨૨. સારાં છોકરાં રોજ પ્રાર્થના કરે છે. ૨૩. એ ઇશ્વર, અમારી સંભાળ લે. ૨૪. બેસી જાઓ અને તમારી ચોપડીઓ બંધ કરો. ૨૫. પ્રામાણિક થાઓ ૨૬. ઇશ્વરને ચાહો. ૨૭. તમારાં માબાપને માન આપો. ૨૮. અમને એક સારી વાર્તા કહી સંભળાવો.

સૂચના:– ગુજરાતીમાં નકાર દેખાડવા માટે **ના, નહિ, મા** એ ક્રિયાવિશેષણ વાપરે છે. જેમકે ધીમેથી વાંચો નહિ, તમારી ચોપડી બગાડશો મા, વર્ગમાં વાત ના કરો. અંગ્રેજીમાં નકાર બતાવવા સારૂ not એ ક્રિયાવિશેષણ વાપરે છે. પણ ક્રિયાપદ જોડે not એકલું વપરાય નહિ, તેની જોડે do ક્રિયાપદ વાપરવું. **જેમકે** Do not talk in the class. Do not go there. Do not **એનું ટુંકું રૂપ** don't **થાય છે.** Do not talk ને **બદલે** don't talk પણ આવે.

અભ્યાસપાઠ (ભાગ ૨).

૧. બહુ ધીમેથી ના વાંચો. ૨. મેજ પાસે ઉભા રહો નહિ. ૩. તમારી ચોપડી આમ પકડો નહિ. ૪. પાપને ચાહો નહિ. ૫. આ નકશો ના લાવો. ૬. મોતીને બોલાવતા ના. ૭. વર્ગમાં વાત કરો ના. ૮ ત્યાં જશો ના. *૯. દરવાજો બંધ ના કરો. ૧૦. મોતી, મારી પાસે ના બેસ. ૧૧. આ છોકરીની ચોપડી નહિ લેશો. ૧૨. બેન, આ કેરી ખાશો નહિ. ૧૩. આ તેના ચોપડી છે, તે ના લેશો. ૧૪. આ ગરીબ કુતરાને ના મારો. ૧૫. મને આ ખાલી ટોપલી ના આપો. ૧૬. અમને ખરાબ દૂધ ના આપો. ૧૭. આળસુ થશો નહિ. ૧૮. ખરાબ લોક જોડે ફરવું નહિ. ૧૯. મારી બેઉ કલમ લેતા ના, માત્ર એકજ લેજો. ૨૦. તમારા ચાકરને મારી પાસે મોકલો નહિ.

પાઠ ૮.

આર્ટિકલ.

THE ARTICLES.

૨૬) અંગ્રેજીમાં એવો નિયમ છે કે એકવચનનાં સામાન્ય નામ (જેવાં કે, છોકરો, ઘર, ઘોડો, ચોપડી વ) એકલાં નહિ વપરાય. ગુજરાતીમાં ઘોડો એમ બોલી શકાય પણ અંગ્રેજીમાં horse એમ નહિ બોલાય, એ કેવળ ખોટું છે. A horse કે the horse કહેવું જોઇએ. આ A કે The ને આર્ટિકલ કહે છે. આર્ટિકલ બે છે, An કે A અને The.

---

* શિક્ષકે ગુજરાતીમાં આજ્ઞાર્થ જુદે જુદે રૂપે દર્શાવાય છે તે પાઠ ભણાવતાં બતાવવું—આવા છોકરાઓ સાથે વાત કરો ના, કરશો નહિ, કરતા ના, કરવી નહિ વગેરે.

નિયમ ૧લો.—એકવચનમાં જો નામનો પહેલો અક્ષર સ્વર હોય તો તેની આગળ An લખે છે. જેમકે An ox, An ass.

પણ જો નામનો પહેલો અક્ષર વ્યંજન હોય તો તેની આગળ A લખે છે. (એટલે *An* માં *n* ઉડી જાય છે) જેમકે a boy, a book.

નિયમ ૨ જો—The સ્વર તેમજ વ્યંજન આગળ વાપરી શકાય છે; જેમકે the ox, the boy, the hour.

નિયમ ૩ જો—The એકવચનના તેમજ અનેકવચનના નામની પૂર્વ આવે, જેમકે the boy, the boys. પણ An કે A નો મૂળ અર્થ એક થાય છે તેથી તે એકવચન સાથેજ વપરાય છે. જેમકે A boy, an ox. A boys, a books—એ તદ્દન ખોટું છે.

૨૭) An ઇન્ડેફિનિટ આર્ટિકલ (The Indefinite Article) અને The ડેફિનિટ આર્ટિકલ (The Definite Article) કહેવાય છે.

{ An નો અર્થ એક કે એકાદ થાય છે.
The કોઇ મુકરર પ્રાણી કે પદાર્થ સૂચવે છે.

૨૮) ૧. I see a book on a table.

૨. I see a book on the table.

૩. I see the book on a table.

૪. I see the book on the table.

૧. કોઇ મેજ પર કોઇ ચોપડી જોઉં છું.

૨. તે કે પેલી મેજ પર (એટલે જે મેજ સામાવાળો જાણે છે તે મેજ પર) કોઇ ચોપડી જોઉં છું.

૩. તે ચોપડી (કોઇ મુકરર ચોપડી, કઇ ચોપડી તે સામાવાળો જાણે છે) હું કોઇ મેજ પર જોઉં છું.

૪. કોઇ મુકરર મેજ પર કોઇ મુકરર ચોપડી હું જોઉં છું.

એ ચાર વાક્ય પર ધ્યાન રાખી An તથા The વાપરવાની રીત શીખવી

૨૯) **સૂચના ૧ લી**—વળી યાદ રાખવું જોઇએ કે નામની પૂર્વે ગુણવાચક વિશેષણ આવે ત્યારે તે વિશેષણના પહેલા અક્ષર પ્રમાણે An કે A વાપરવો; જેમકે An old man, a small ox. જો બે વિશેષણ હોય તો પહેલા વિશેષણ પ્રમાણે આર્ટિકલ વાપરવો; જેમકે An old black ox.

સૂચના ૨ જી—જો સામાન્ય નામ અનેક વચનમાં હોય તો તેની પૂર્વે આર્ટિકલની જરૂર નથી—જેમકે ગાયો ચરે છે. Cows are grazing. પણ જો નક્કીપણાનો અર્થ બતાવવો હોય તો the વાપરવો—જેમકે ભરવાડની ગાયો ચરે છે The cows of the shepherd are grazing.

પ્રશ્નો

૧. અંગ્રેજીમાં સામાન્ય નામ એકવચને એકલું આવે કે? તેની પૂર્વે શું જોઇએ?

૨. An નું બીજું રૂપ કયું થાય છે? An ને બદલે A ક્યારે આવે છે?

૩. The એ આર્ટિકલ ક્યારે વાપરવો જોઇએ?

૪. An એ શબ્દનું નામ શું અને તે કયે વચને વપરાય છે?

૫. The એનું નામ શું, અને કયે વચને તે વપરાય છે?

૬. જો નામની આગળ વિશેષણ આવે તો આર્ટિકલ કેમ વાપરવો?

અભ્યાસપાઠ.

રસ્તો a road, a street	ગુલાબ a rose
થોડું some	ગુલાબનું ઝાડ a rose bush
પાઘડી a turban	જીન a saddle
ભૂગોળવિદ્યા geography	ફળ a fruit
દોડતો running	કોટડી a room
મૂકવું to lay, place	જોયું saw
શીશી a bottle	હેઠળ beneath, under
તૂટેલું broken	પોપટ a parrot
પ્યાલું a cup, a bowl (બોલ)	રહેવું to live
ટોપી a cap	ઉભી છે is standing
મોટી ટોપી a hat	બેઠી છે is sitting
લુગડાં clothes	ઝાડ a tree
કાળું black	ખુલ્લી હવામાં in open air

(નીચેનાં વાક્યોમાં જ્યાં જ્યાં બેઉ આર્ટિકલો વાપરી શકાય ત્યાં એ રીતે તરજુમો કરવો).

૧. ઘોડા ઘાસ ખાય છે. ૨. રસ્તામાં (મુકરર) ઘોડો દોડે છે. ૩. રસ્તામાં ઘોડો દોડતો હું જોઉં છું. ૪. મેજ ઉપર ચોપડી મૂકું છું. ૫. મેજ ઉપર શીશી છે. ૬. આ તૂટેલી શીશી છે.

૭ તેની પાસે ખરાબ કલમ છે, તેને એક સારી આપો. ૮. આ ટોપી તેની છે. ૯. પ્યાલું તૂટેલું છે. ૧૦. નવી ટોપી. ૧૧. ઊંચું ઘર. ૧૨. આ જુની પાઘડી છે. ૧૩. બળદ ખેતરમાં છે. ૧૪. ફળ ઝાડપર છે. ૧૫. તે ખુરસીપર બેઠો છે. ૧૬. એક નાનો કાળો કુતરો. ૧૭. એક ઘરડી ધોળી બિલાડી. ૧૮. એક સુંદર ફૂલ. ૧૯. મોટા છોકરા પાસે ચોપડી છે. ૨૦. ગાયો મોટા ખેતરમાં છે. ૨૧. ઘણી ગાયો ઉભી છે. ૨૨. ગુલાબ સુંદર ફૂલ છે. ૨૩. તારી પાસે બે ગુલાબનાં ઝાડ છે. ૨૪. વાડ પાસે ખેડુત બેઠો છે. ૨૫. બાયડી ઝાડ હેઠળ બેઠી છે. ૨૬. પોપટ પાંજરામાં છે. ૨૭. અમે ભૂગોળવિદ્યા શીખીએ છીએ. ૨૮. મને થોડું દૂધ આપો. ૨૯. તેને પ્યાલામાં થોડી ચા અને દૂધ આપજો. ૩૦. અમે ખુલ્લી હવામાં એક કલાક સાંજે રોજ રમીએ છીએ. ૩૧. તમારી મોટી ટોપી કેવી કાળી છે. ૩૨. પાંજરામાં પક્ષી છે. ૩૩. તળાવમાં બાયડી લુગડાં ધોય છે.

પાઠ ૯.

નામની વિભક્તિ વિષે.

THE CASES OF NOUNS.

૩૧) ગુજરાતીમાં નામની વિભક્તિ સાત છે. પણ અંગ્રેજીમાં માત્ર ત્રણ છે. તેમનાં નામ નીચે પ્રમાણે છે.—

The Nominative Case—૧ લી કે કર્ત્તા વિભક્તિ.

The Objective Case—૨ જી કે કર્મ વિભક્તિ.

The Possessive Case—૬ ઠ્ઠી કે સંબંધ વિભક્તિ.

The boy runs—એ વાક્યમાં the boy એ કર્ત્તા છે. માટે એની વિભક્તિ the Nominative Case કહેવાય.

I read a book—એ વાક્યમાં a book એ કર્મ છે માટે એની વિભક્તિ the Objective Case કહેવાય.

ઉપલાં ઉદાહરણો પરથી દેખાશે કે જેમ ગુજરાતીમાં પહેલી તથા બીજી વિભક્તિના પ્રત્યય નથી તેમ અંગ્રેજીમાં પણ Nominative case તથા Objective case ના પ્રત્યય નથી.

૩૨) પણ ૬ટ્ઠી વિભક્તિ જેને અંગ્રેજીમાં the Possessive case કહે છે તેનો પ્રત્યય છે. તે પ્રત્યય 's છે. (') આ નિશાનીને apostrophe કહે છે.

નિયમ ૧ લો—જો નામ એકવચનનું હોય તો 's લગાડવો. જેમકે છોકરાની ચોપડી The boy's book. પણ જો નામ બહુવચનનું હોય તો માત્ર apostrophe લગાડે છે. જેમકે, પેલા છોકરાઓની ચોપડીઓ Those boys' books.

૩૩) નિયમ ૨ જો—વળી ૬ટ્ઠી વિભક્તિનો અર્થ દર્શાવવાને 's ન વાપરતાં નામની પૂર્વે of વાપરે છે. જેમકે પક્ષીની પાંખો The wings of a bird. ઘરનું છાપરૂં The roof of a house.

૩૪) અભ્યાસપાઠ.

નાનું બાળક a baby
વાળવું to sweep
ઇનામ the prize
પહેલો છોકરો the first boy
માળો a nest
ખેડુતો farmers
સૂતેલું છે is sleeping
પારણું a cradle
દોડયો ran
શિકારી કુતરો a hound
ચોર a thief

સુતાર a carpenter
મેળવ્યું got
ચોપડીમાં જોવું to look into the book
ચોપડીમાંથી બહાર જોવું to look off the book
વસંત spring
શિઆળો winter
પાછળ—પછી after
ક્રિકેટ cricket
શિયાળ a fox

નીચેનાં દરેક વાક્યમાં ખાલી જગ્યા રાખી છે, તેમાં યોગ્ય કર્ત્તા કે કર્મ મૂકો ને પછી તેનો તરજુમો અંગ્રેજીમાં કરો.

૧. ( ) પેટી બનાવે છે. ૨. ( ) પારણામાં સૂતેલું છે. ૩. શિઆળા પછી ( ) આવે છે. ૪. ( ) પોતાની ચોપડીમાં જુએ. ૫. ખેતરમાં રોજ ( ) કામ કરે છે. ૬. ( ) પોતાના માળા ઝાડ પર બાંધે છે. ૭. ઓરડો ( ) વાળે છે. ૮. નિશાળ પાસે છોકરાઓ ( ) રમે છે. ૯. ( ) ઇનામ મેળવ્યું. ૧૦. ( ) પોતાની ચોપડીમાંથી બહાર જુએ છે. ૧૧. ચોરની પાછળ ( ) દોડ્યા. ૧૨. શિયાળની પાછળ ( ) દોડ્યા. ૧૩. ( ) ની પાસે ઘણી ગાયો અને ભેંસો છે. ૧૪. પક્ષીઓ ઝાડ પર ( ) બાંધે છે. ૧૫. હું ઝાડ પર ( ) જોઉં છું. ૧૬. મારી બેને તથા મેં ( ) મેળવ્યું. ૧૭. તમારી ( ) આમ પકડો. ૧૮. નઠારાં છોકરાં ( ) મારે છે. ૧૯. અમે ખેડુતનો ( ) જોયો. ૨૦. ( ) સુંદર દેખાય છે. ૨૧. અમે દરરોજ ( ) રમીએ છીએ. ૨૨. શિઆળામાં ( ) બહુ રમે છે.

નીચેનાં વાક્યોનો એ રીતે તરજુમો કરવો.

૨૩. ખેડુતની વાડી. ૨૪. બાળકનું પારણું. ૨૫. સુતારની પેટી. ૨૬. પક્ષીઓના માળા. ૨૭. પહેલા છોકરાનું ઇનામ. ૨૮. છોકરીઓનાં રમકડાં. ૨૯. ડોસાની લાકડી. ૩૦. મહેતાજીની મેજ ઉપર આ ચોપડી મૂકો. ૩૧. ઘોડાઓની પૂછડીઓ લાંબી હોય છે.

પાઠ ૧૦.

પુરૂષવાચક સર્વનામ.

THE PERSONAL PRONOUNS.

૩૫) ગુજરાતીમાં પુરૂષવાચક સર્વનામ ત્રણ છે :—

એકવચન—હું, તું, તે.

અનેકવચન—અમે, તમે, તેઓ.

૩૬) અંગ્રેજીમાં પણ પુરૂષવાચક સર્વનામ ત્રણ છે. પણ ત્રીજા પુરૂષ એકવચનમાં ત્રણ જુદાં રૂપ છે.

એકવચન.	અનેકવચન.
હું I	અમે We
તું Thou	તમે You
તે He, She, It.	તેઓ They

૩૭) ગુજરાતીનાં પુરૂષવાચક સર્વનામ સામાન્ય જાતિનાં છે. અંગ્રેજી પુરૂષવાચક સર્વનામ પણ એક સિવાય સામાન્ય જાતિનાં છે. માત્ર ત્રીજા પુરૂષ એકવચનનાં ત્રણ જુદા રૂપ છે—He (નર જા.) She (નારી જા.) It (નાન્ય. જા.). જેમકે, છોકરો ક્યાં છે? Where is the boy? તે ત્યાં છે. He is there. છોડી ક્યાં છે? Where is the girl? તે ઘેર ગઇ She went home. મારી ચોપડી ક્યાં છે? Where is my book? તે મેજ પર છે. It is on the table.

૩૮) નામની વિભક્તિ પ્રમાણે સર્વનામની વિભક્તિ થતી નથી. ત્રણે વિભક્તિમાં બધાં સર્વનામનાં જુદાં રૂપ થાય છે.

		કર્ત્તા.	Nominative.	કર્મ	Objective.	સંબંધ.	Possessive
૧લો પુરુષ	એક વ.	હું	I	મને	me	મારો, મારી, મારૂં	my, mine
	બહુ વ.	અમે	We	અમને	us	અમારો, અમારી ંરી.	our, ours
૨જો પુરુષ	એક વ.	તું	Thou	તને	thee	તારો, તારી, રૂં.	thy, thine
	બહુ વ.	તમે	You	તમને	you	તમઃરો, રૂં.	your, yours
૩જો પુરુષ	એક વ. નર		He	તેને	him	તેનો, તેની, તેનું	his
	,, નારી		She	તેને	her	તેનો, તેની, તેનું	her, hers
	,, નાન્ય.		It	તેને	it	તેનો, તેની, તેનું	its
	બહુ વ	તેઓ	They	તેઓને	them	તેઓનો-ની, રૂં.	their, theirs.

૩૯) ઉપલું કોષ્ટક તપાસતાં જણાશે કે સંબંધ વિભક્તિમાં કેટલાંક સર્વનામનાં બે રૂપ છે. એક નાનું રૂપ છે અને એક લાંબું રૂપ છે. my, our, thy, your, her, their એ ટુંકા રૂપ નામની પહેલાં વાપરવા; જેમકે, મારી ચોપડી my book, તમારૂં ઘર your house. Mine, thine, ours, yours, theirs એ લાંબા રૂપ, જ્યારે જોડે નામ ન હોય ત્યારે વાપરવાં; જેમકે, આ ચોપડી મારી છે. This book is mine. આ ઘર તમારૂં છે. This house is yours.

૪૦) પોતાનું એ સર્વનામ આવે ત્યારે તેની જાતિ, તથા પુરૂષ તથા વચનનો વિચાર કરવો અને જે નામ કે સર્વનામ સાથે એને સંબંધ હોય તે નામ કે સર્વનામ પ્રમાણે એનો તરજુમો કરવો. તે છોકરો પોતાની ચોપડી વાંચે છે. The boy reads his book. તે છોડી પોતાની ચોપડી વાંચે છે. The girl reads her book.

૪૧) અભ્યાસપાઠ.

બાઈ a lady
ભૂસી નાખવું to rub out

વડનું ઝાડ The Banyan tree
પીતરાઈ બાઈ કે બેન a cousin

દાખલો a sum
દાખલા કરવા to do sums
છત્રી an umbrella
માન આપવું to honour
ખરા right
ખોટા wrong
હા yes
ભત્રીજો a nephew
ચાહવું to love
સૂર્ય the sun
ડાળી branches
કિરણ rays
(સૂર્યનું) ઉગવું to rise
(ઝાડનું) ઉગવું to grow
ભાઇ બેન brothers and sisters
માબાપ parents

૧. હું મારા ભાઇ બેનોને ચાહું છું, અને તેઓ મને ચાહે છે. ૨. તેઓ પોતાના શિક્ષકને માન આપે છે. ૩. અમે અમારાં ઘરડાં માબાપને ચાહીએ છીએ. ૪. આ પેલી બાયડીની છત્રી છે ૫. તેને મેજ પર મૂકો. ૬. મારો પીતરાઇ ભાઇ દાખલા કરે છે. ૭. તેના દાખલા ખરા છે. ૮. તે ખોટા છે. ૯. સૂર્ય ઉગે છે, અને તેના કિરણ તળાવના પાણી પર પડે છે. ૧૦. આ દાખલા ખોટા છે, તે ભૂસી નાંખો. ૧૧. ઝાડ ઉગે છે. ૧૨. તે મારી પીતરાઇ બેન છે. ૧૩. તે વાડીમાં રોજ રમે છે. ૧૪. તમારો ભત્રીજો તેની જોડે રમે છે. ૧૫. તારાં માબાપને માન આપ. ૧૬ હું તેમને માન આપું છું અને તેઓ મને ચાહે છે. ૧૭. ઇશ્વર આપણને જુવે છે. ૧૮. તે આપણને ચાહે છે. ૧૯. ઓ ઇશ્વર, તું એક છે. ૨૦. તે મારી છત્રી છે. ૨૧. હા, તે મારી છે. ૨૨. વડનું ઝાડ મોટું હોય છે. ૨૩. તેની ડાળીઓ લાંબી હોય છે. ૨૪. આ ખેતરમાં બે વડ છે. ૨૫ હા, તે ઘણાં મોટાં છે. ૨૬. સૂર્યનાં કિરણ તેમના પર પડે છે. ૨૭. આ તમારી વાડી છે. ૨૮. આ વાડી તમારી છે. ૨૯. આ દાખલા અમારા છે, પેલા તમારા છે. ૩૦. પેલી છત્રી તેની છે. ૩૧. તે બાઇ પોતાનો ચપ્પુ મને આપે છે. ૩૨. મારી બેન પોતાનું રમકડું મેજ પર મૂકે છે. ૩૩. સૂર્ય કેવો લાલ દેખાય છે!

પાઠ ૧૧.

કૃદંત વિષે.

THE PARTICIPLES.

૪૨) અંગ્રેજી ક્રિયાપદના વર્તમાન તથા ભૂત એવા બેજ કૃદંત થાય છે.

૪૩) વર્તમાનકૃદંત (The Present Participle) નો પ્રત્યય ing છે. ક્રિયાપદના મૂળ રૂપને ing પ્રત્યય લગાડીએ તો વર્તમાન-કૃદંત થાય. જેમકે play, playing; do, doing; eat, eating;

૪૪) પણ જો ક્રિયાપદને છેડે e હોય તો e કહાડી નાંખીને ing પ્રત્યય લગાડવો. જેમકે, shine, shining; ride, riding; rise, rising

૪૫) જો ક્રિયાપદને છેડે એકજ વ્યંજન હોય અને તેની પૂર્વે એકજ સ્વર હોય તો છેલ્લા વ્યંજનને બેવડાવવો. જેમકે, run, running; rob, robbing.

અભ્યાસપાઠ (ભાગ ૧).

નીચે આપેલા ક્રિયાપદનાં વર્તમાનકૃદંત બનાવો:—

વાંચવું to read	ભસવું to bark
સીવવું to sew	મળવું to meet
બેસવું to sit	ગૂંથવું to knit
સંતાડવું to hide	ઉભા રહેવું to stand
લખવું to write	પસંદ કરવું to prefer
કાપવું to cut	ભાગ્યે seldom
દેવું-રજા આપવી to let	ભેળવું to mix
અટકવું to stop	હસવું to laugh, to smile

બંધ કરવું to shut
મને ગમે છે I like
કરડવું to bite
જોવું to see
સાંભળ્યું heard
છોડી દેવું to leave
પડી ગયો fell down

૪૬) અભ્યાસપાઠ (ભાગ ૨).

૧. દોડતો ઘોડો. ૨. ઉડતાં પક્ષી. ૩. કુચ કરતું લશ્કર. ૪. ઉંઘતો સિંહ ૫. ઉગતો સૂર્ય. ૬. હું તે છોકરીને લુગડાં ધોતી જોઉં છું. ૭. અમે હંસને તરતાં જોયાં. ૮. તે ડોસાએ છોકરાને રમતાં દીઠા. ૯. અમે નાનાં બાળકોને નિશાળે જતાં જોઇએ છીએ. ૧૦ તે છોકરાને ચોપડી સંતાડતો કોણે જોયો? ૧૧. અમે તેને બારણું બંધ કરતાં જોયો. ૧૨. હસતો ચહેરો સૌને ગમે છે. ૧૩. આ રસ્તે જતાં અમે તેને મળ્યા. ૧૪. ઉતાવળે દોડતાં તમે પડી ગયા. ૧૫. ભસતા કુતરા ભાગ્યે કરડે. ૧૬. શિક્ષકે તે બે છોકરાઓને દાખલા ભુસી નાંખતા જોયા. ૧૭. તે બાળકો રડતાં રડતાં ઘેર ગયા. ૧૮. અમે તેઓને ગાતાં સાંભળ્યાં. ૧૯. તેણે તમને રસ્તા ઉપર ગાતાં સાંભળ્યાં. ૨૦. અમે તે છોડીઓને ધીમેથી વાંચતાં સાંભળીએ છીએ. ૨૧. અમે તે છોડીને રોજ ગાતાં સાંભળીએ છીએ. ૨૨. હું તે ઘરડી બાયડીને મોજાં ગૂંથતાં જોઉં છું. ૨૩. અમે તેને બારણા આગળ રોજ સીવતાં જોઇએ છીએ. ૨૪. અમે તે પક્ષીને ઝાડ પર ગાતાં સાંભળ્યું.

પાઠ ૧૨.

ચાલુ વર્ત્તમાનકાળ.

THE CONTINUOUS PRESENT TENSE.

૪૭) To be (હોવું) એ ક્રિયાપદ વિષે આપણે ત્રીજા પાઠમાં શીખી ગયા કે એ અનિયમિત છે. એને વિષે કાંઇ વધુ

જાણવાનું છે એને સહાયકારક ક્રિયાપદ (An auxiliary verb) પણ કહે છે, કારણ કે એનાં જુદાં જુદાં રૂપ બીજા ક્રિયાપદને લગાડયાથી જુદા જુદા કાળ થાય છે.

૪૮) બોલતી વખતે ક્રિયા ચાલુ છે એવું જણાવવાને શુદ્ધ વર્ત્તમાન ન વાપરતાં ચાલુ વર્ત્તમાન કાળ વાપરવાની રૂઢી અંગ્રેજીમાં ચાલે છે.

૪૯) ચાલુવર્ત્તમાન કાળ બનાવવાની રીત:—વર્ત્તમાન કૃદંતની પૂર્વે to be ના વર્ત્તમાનકાળના રૂપ (am, art, is, are) મૂકીએ તો ચાલુ વર્ત્તમાનકાળ થાય. ચાલુ વર્ત્તમાનકાળને અંગ્રેજીમાં The Continuous Present Tense કહે છે.

ઉદાહરણ.

હું ચાલતો છું, હું (હમણાં) ચાલુંછું, અથવા હું ચાલવામાં છું.	I am walking.
તે ચાલતો છે, (હમણાં) ચાલે છે, અથવા તે ચાલવામાં છે.	He is walking.

૫૦) ચાલુ વર્ત્તમાનકાળના રૂપ.

એકવચન.	અનેકવચન.
I am talking	We are talking
Thou art talking.	You are talking.
He is talking.	They are talking.

૫૧) બોલતી વખતે કોઇ કામ જારી કે ચાલતું હોય તો ચાલુ રૂપ વાપરવું. જેમકે ૧૦ વાગે છોકરાઓને નિશાળે જતા આપણે જોઇએ તો અંગ્રેજીમાં The boys are going to school, એમ કહેવાય. કોઇ ગાયને ખેતરમાં ઘાસ ખાતી જોઇએ તો The cow is eating grass. પણ જે ક્રિયા ઘણું

કરીને હમેશાં જોવામાં આવે છે તેને માટે તો શુદ્ધ વર્તમાન-કાળજ વાપરવો. જેમકે, The cow eats grass—ગાય ઘાસ ખાય છે, એની પ્રકૃતિ એવી છે કે તે ઘાસ ખાય. The tiger eats flesh—વાઘ માંસ ખાય છે. એનો સ્વભાવ એવો છે કે તે માંસ ખાય. સૂર્ય પૂર્વમાં ઉગે છે—એ ક્રિયા નિત્ય થાય છે માટે The sun rises in the east. પણ જો સવારે વહેલા ઊઠી સૂર્યને પૂર્વમાં ઉગતો જોઇ કોઇને કહીએ કે, જુઓ સૂર્ય ઉગે છે, ત્યારે Look there, the sun is rising એમ કહેવું. ગુજરાતીમાં વર્તમાનકાળ તથા ચાલુ વર્તમાનકાળને માટે એકજ રૂપ છે, તેથી તરજુમો કરતાં શીખનારે ઉપલા ખુલાસા પર ધ્યાન આપવું.

પ્રશ્નો.

૧. અંગ્રેજી ક્રિયાપદનાં કયા કયા કૃદંત થાય છે?

૨. અંગ્રેજી કૃદંતના પ્રત્યય કહો.

૩. વર્તમાન ચાલુ રૂપ કઇ રીતે સાધિત થાય છે, અને તે ક્યારે વાપરવો જોઇએ?

૫૨) અભ્યાસપાઠ.

પાઠ લેવો to hear a lesson	ઘણું કરીને generally
પાઠ આપવો to say a lesson	પારકો, અજાણ્યો a stranger
ગાવું to sing	વિષે about, of
પ્રકાશવું to shine	કેરી a mango
ઉંઘવું to sleep	ખાવું to eat
સૂવું to lie down	આંબો a mango tree
આખો all, the whole	દરજી a tailor
ગામ a village	કોઇ વખતે sometimes
ભસવું to bark	સવારે in the morning

૧. પક્ષીઓ રોજ સવારે ગાય છે. ૨. આ છોકરાં રમે છે. ૩. તમે બોલો છો. ૪. તેઓ બોલે છે. ૫. હું ચોપડી વાંચું છું. ૬. હું કોઇ વખતે વાંચું છુ. ૭. મહેતાજી પાઠ લે છે. ૮. છોકરા પોતાના પાઠ વાંચે છે. ૯. અમે અમારા પાઠ વાંચીએ છીએ. ૧૦. આપણે રોજ પાઠ વાંચીએ છીએ. ૧૧. બાલારામ ગાય છે, મોતીરામ વાંચે છે, અને અમથાલાલ રમે છે. ૧૨. ગોવિંદ આખો દિવસ રમે છે. ૧૩. મહેતાજી રોજ નિશાળે જાય છે. ૧૪. જુઓ, પેલા મહેતાજી (Look here, the——) નિશાળે જાય છે. ૧૫. ગામમાં કુતરા ભસે છે. ૧૬. કુતરા ઘણું કરીને અજાણ્યાને (at) ભસે છે. ૧૭. આ કુતરો અજાણ્યાને ભસે છે. ૧૮. હું તમારા વિષે બોલું છું. ૧૯. સૂર્ય પ્રકાશે છે. ૨૦. મારો બાપ લખે છે. ૨૧. તે ઉંઘે છે. ૨૨. તે સૂતો છે. ૨૩. અમે સૂતા છીએ. ૨૪. જુઓ, પેલું પક્ષી ઝાડ પર ગાય છે. ૨૫. પેલા છોકરા ક્રિકેટ રમે છે. ૨૬. દરજી બારણા પાસે સીવે છે. ૨૭. નિશાળીઆ નિશાળેથી (from) ઘેર જાય છે. ૨૮. હું કેરી ખાઉં છું. ૨૯. બાલારામ, તારા પાઠ લખ. ૩૦. ગોવિંદ, અહીંઆં બેસ અને આ દાખલા કર.

પાઠ ૧૩.

ભૂતકાળ.

THE PAST TENSE.

૫૩) અંગ્રેજીમાં ક્રિયાપદને ed લગાડ્યાથી ભૂતકાળ થાય છે. જેમકે, call-ed બોલાવ્યો, walk-ed ચાલ્યો. વળી ભૂતકૃદંતનો પ્રત્યય પણ અંગ્રેજીમાં તેજ છે, એટલે ed લગાડ્યાથી અંગ્રેજીમાં ભૂતકૃદંત પણ થાય છે. જેમકે, call-ed બોલાવેલો, walk-ed

ચાલેલો. કેટલાંક અનિયમિત ક્રિયાપદ છે જેનાં ભૂતકાળ તથા ભૂતકૃદંત જુદીજ રીતે થાય છે. તે વિષે આગળ જતાં ખુલાસો આવશે.

૫૪) ગુજરાતીની પેઠે અંગ્રેજીમાં ભૂતકાળે ક્રિયાપદને જાતિવચન લાગતાં નથી. ક્રિયાપદ એકજ રૂપે રહે છે. જેમકે, હું ચાલ્યો I walked, હું ચાલી I walked, તે ચાલી She walked, તે ચાલ્યું It walked. ફક્ત બીજા પુરૂષ એકવચનમાં ed લગાડ્યા પછી st લગાડે છે.

ભૂતકાળનાં રૂપ.

એકવચન.	અનેકવચન.
હું ચાલ્યો, ચાલી.—I walked	અમે ચાલ્યા, ચાલી, ચાલ્યાં. We walked
તું ચાલ્યો, ચાલી—Thou walked-st	તમે ચાલ્યા, ચાલી, ચાલ્યા. you walked
તે ચાલ્યો, ચાલી, ચાલ્યું He, she, it walked	તેઓ ચાલ્યા, ચાલી, ચાલ્યાં. They walked

૫૫) ક્રિયાપદનો અંત્યાક્ષર e હોય તો ed પ્રત્યયનો e ઉડી જાય છે; જેમકે I love-d, he promise-d, તેમ est નો e ઉડી જાય છે, જેમકે Thou love-st, Thou see-st.

૫૬) જો ક્રિયાપદને છેડે એકજ વ્યંજન હોય અને વ્યંજનની પૂર્વે એકજ સ્વર હોય તો ing, ed, est એ પ્રત્યય લગાડતાં પહેલાં વ્યંજનને બેવડાવવો. જેમકે, robbing, robbed, robbest; cutting, cuttest; forgetting, forgettest.

૫૭) અભ્યાસપાઠ.

વચન આપવું to promise
કલાક an hour
મુસાફરી કરવી to travel
ઘણું very much
બોલવું to speak
શિકારી a hunter
ગઇકાલે yesterday
મારવું (=મારી નાંખવું) to kill
વાઘ a tiger
સિંહ a lion
મુસાફર a traveller
કેટલાંક some
નળીઉં a tile
અનાજ corn
ખાઇને રહેવું to live upon
હસવું to laugh
હમણાં now
સાંજે in the evening
વર્ષ a year
બચાવવું, રક્ષણ કરવું to preserve
બે વાર twice
ધીમેથી slowly
આફ્રિકામાં in Africa

૧. તેણે વચન આપ્યું. ૨. તે રમી. ૩. તે ચાર કલાક રમ્યો. ૪. તેણે ઘણી મુસાફરી કરી. ૫. તું ધીમેથી બોલે છે. ૬. તે હમણાં બોલે છે. ૭. તે આખો દિવસ ગાય છે. ૮. તે આખો દિવસ બોલ્યો. ૯. આ શિકારીએ કાલે વાઘને માર્યા. ૧૦. તે મુસાફરે ઘણાં સિંહને માર્યા. ૧૧. હું દૂધ રોટલો ખાઇને રહું છું. ૧૨. કેટલાંક નળીઆં છાપરાપર પડેલાં છે. ૧૩. આ ત્રણ મુસાફર આખું વર્ષ રોટલો ખાઇને જીવ્યા. ૧૪. તેઓ અંગ્રેજીમાં બોલ્યા. ૧૫. તું ગુજરાતીમાં બોલે છે. ૧૬. તે ગુજરાતીમાં બોલ્યો. ૧૭. તું અંગ્રેજીમાં બોલ્યો. ૧૮. હું કોઇ વખત હસું છું. ૧૯. તે હમણાં હસે છે. ૨૦. તું હસે છે. ૨૧. તે હસ્યો. ૨૨. તું હસ્યો. ૨૩. તે છોડીએ ચોપડીમાંથી બહાર જોયું. ૨૪. અમે અમારી ચોપડીમાં જોયું. ૨૫. તેણે આફ્રિકામાં મુસાફરી કરી. ૨૬. તેઓએ બધા દાખલા ભૂસી નાંખ્યા. ૨૭. મારો ઘોડો દશ વર્ષ જીવ્યો.

૨૮. તું મને ચાહે છે. ૨૯. ઇશ્વર મારૂં રક્ષણ કરે છે. ૩૦. ઓ ઇશ્વર, મને પાપથી બચાવ. ૩૧. મેં તને બે વાર બોલાવ્યો. ૩૨. બાળકો, ઇશ્વરને ચાહો અને પાપને ધિક્કારો.

પાઠ ૧૪.

To Be તથા To Have ના ભૂતકાળનાં રૂપ.

The Past Tenses of TO BE and TO HAVE.

૫૮) To be તથા to have અનિયમિત (Irregular) કહેવાય છે, કેમકે તેમનાં ભૂતકાળ તથા ભૂતકૃદંત ed લગાડ્યાથી થતા નથી, તેમના ભૂતકાળે કેવાં રૂપ થાય છે તે નીચે બતાવ્યાં છે:—

૫૯) To be નો ભૂતકાળ.

એકવચન.	અનેકવચન.
હું હતો I was	અમે હતા We were
તું હતો Thou wast	તમે હતા You were
તે હતો He was	તેઓ હતા They were

૬૦) To have નો ભૂતકાળ.

એકવચન.	અનેકવચન.
મારી પાસે હતું I had	અમારી પાસે હતું We had
તારી પાસે હતું Thou hadst	તમારી પાસે હતું You had
તેની પાસે હતું He had	તેઓની પાસે હતું They had

ઉદાહરણ.

અમારી પાસે ત્રણ ચોપડીઓ હતી We had three books
તે રાજાને બે છોકરા હતા That king had two sons

૬૧) અભ્યાસપાઠ.

ઘેર at home
કાલે yesterday
મારી સાથે with me
ગુસ્સે angry
પણ but
બિચારો poor
આંધળું blind
આંધળો a blind man
ફિક્કો pale
ઘાણી a mill
એકજ only one
રસોઇઓ a cook
બારી a window
સિપાઇ, પટાવાળો સિપાઇ a peon
પૈસો money
ઘેટું a sheep
ઘેટાં sheep
પ્રખ્યાત famous
સુંદર beautiful
ભાંગેલું broken
ચિતારો a painter
દીકરી a daughter
મીઠું sweet
કણીઓ a corn-seller
કોઠાર a granary
બદન a vest
બોરીઉં a button
રસ્તો a road
સાંકડું narrow
અગાઉ formerly

૧. હું ઘેર હતો. ૨. હું કાલે માંદો હતો. ૩. તે (she) મારી સાથે ગુસ્સે હતી. ૪. મોહન વાડીમાં હતો અને સોરાબ ઘરમાં હતો. ૫. કાલે મારી પાસે એકજ ચોપડી હતી. ૬. કાલે તમારી પાસે ચપ્પુ હતો. ૭. તે ભલી છોડીઓ હતી. ૮. આ માણસ પાસે ઘણાં ઘેટાં હતાં. ૯. તે માણસનો ચાકર સુતેલો હતો. ૧૦. મુસાફર પાસે એક લાંબી લાકડી હતી. ૧૧. તે બિચારા આંધળા પાસે એક કુતરો હતો. ૧૨. અમારી પાસે ઘણા બળદ હતા પણ એકજ ઘેટું હતું. ૧૩. તારી પાસે કાલે પાટી હતી. ૧૪. તેનો ચહેરો ફિક્કો હતો. ૧૫. આંધળો બળદ ઘાણીમાં હતો. ૧૬. ગાય ખેતરમાં હતી અને ભેંસ રસ્તાપર હતી. ૧૭. ટોપલી ખાલી હતી. ૧૮. તેઓની પાસે બે ખાલી

ટોપલી હતી. ૧૯. પટાવાળા, જા અને પેલા છોકરાઓને બોલાવ. ૨૦. રસોઇઆ પાસે એક મોટી છરી હતી, અને પટાવાળા પાસે જુની છત્રી હતી. ૨૧. મારા બાપ પાસે એક મોટું ઘર અને સુંદર વાડી હતાં. ૨૨. મુસાફર પાસે અગાઉ ઘણો પૈસો હતો. ૨૩. તેની પત્થરપાટી ભાંગેલી હતી. ૨૪. તારો ખડીઓ ભાગેલો હતો. ૨૫. તે પ્રખ્યાત ચિતારો હતો. ૨૬. મારો દીકરો તથા દીકરી ત્યાં હતાં. ૨૭. કેરીઓ મીઠી હતી. ૨૮. કણીઆ કને કોઠારમાં ઘણો દાણો હતો. ૨૯. મારા બદનને છ બોરીઆં હતાં. ૩૦. તે મુસાફર પાસે એકજ ચાકર હતો. ૩૧. ઘાણીમાં એકજ બળદ હતો. ૩૨. મારા કાકા પાસે એક મોટું ઘર સુરતમાં હતું. ૩૩. તેને સોળ બારીઓ હતી. ૩૪. સુરતના રસ્તા અગાઉ સાંકડા હતા.

પાઠ ૧૫.

ચાલુ ભૂતકાળ વિષે.

THE CONTINUOUS PAST TENSE.

૬૨) વર્ત્તમાન કૃદંત તથા to be ના વર્ત્તમાનકાળના રૂપથી ચાલુ વર્ત્તમાનકાળ સાધિત થાય છે, એવું આપણે જોયું છે (પાઠ ૧૨ મો જુઓ). એજ પ્રમાણે વર્ત્તમાન કૃદંતને to be ના ભૂતકાળનાં રૂપ લગાડયાથી ચાલુ ભૂતકાળ સાધિત થાય છે, જેમકે :—

એકવચન.	અનેકવચન.
હું લખતો હતો I was writing	અમે વગેરે We were writing
તું લખતો હતો Thou wast writing	તમે ,, You were writing
તે લખતો હતો He was writing	તેઓ ,, They were writing

જે સમય વિષે બોલાય છે તે સમયે ક્રિયા જારી કે ચાલતી હતી એવું ચાલુ ભૂતકાળ દર્શાવે છે.

૬૩) "જ્યારે—ત્યારે" એમાં અંગ્રેજીમાં અને ગુજરાતીમાં ફેર પડે છે. ગુજરાતીમાં "ત્યારે" વપરાય છે અને "જ્યારે"

ઘણું કરીને અધ્યાહાર રહે છે; અંગ્રેજીમાં એથી ઉલટું થાય છે, તેમાં "જ્યારે" લખાય છે અને "ત્યારે" અધ્યાહાર રહે છે—જેમકે, (જ્યારે) હું કાલે આવ્યો ત્યારે તમે લખતા હતા. When I came yesterday (then) you were writing.

ઉદાહરણ.

તમે મને બોલાવ્યો ત્યારે હું વાડીમાં ફરતો હતો	I was walking in the garden when you called me
કાલે હું આવ્યો ત્યારે તમે લખતા હતા	When I came yesterday, you were writing
લખવાનાં ઘણાં કામમાં છું	I am busy writing

અભ્યાસપાઠ.

ગઈકાલે yesterday
ઉઘાડવું to open
પિયાનો નામનું વાજું વગાડવું to play on a piano
ટપાલનો પટાવાળો a postman
બહાર out
મને મળ્યું I met
વરસાદ વરસે છે it rains
કારણ કે because
પડસાળ આગળી પડાળી a verandah
બિલાડીનું બચ્ચું a kitten
વરસે છે it rains, is raining
તાળું દેવું, કુંચી દેવી to lock
ઘંટ the bell
વાગવું to ring, to strike.
છેતરવું to cheat
ઘણા કામમાં હોવું to be busy
પાણી ભરવું to fetch water
આ વખતે at this time
દોહવું to milk
ચીમળાવું to wither
જોયું saw
રસોઈ કરવી to cook
આપણી પછવાડે behind us
દરવાજા આગળ before the door
નીકળવું to come અથવા go out
નીકળ્યું came out, went out
દશ વાગે છે it strikes ten
દશ વાગ્યા છે it is ten o'clock
સાડાપાંચ વાગ્યા છે it is half past five

૧. જ્યારે હું આવ્યો (ત્યારે) તમે રમતા હતા. ૨. તમે જ્યારે આવ્યા (ત્યારે) હું વાંચતો હતો. ૩. જ્યારે તેણે મને બોલાવ્યો (ત્યારે) હું લખતો હતો. ૪. હું આવ્યો ત્યારે મોતી દરવાજો ઉઘાડતો હતો. ૫. તું બેઠો (thou sattest down) ત્યારે હું પેટીને કૂંચી દેતો હતો. ૬. હું ગાતો હતો અને તારો ભાઇ વાજીંત્ર વગાડતો હતો. ૭. ટપાલનો પટાવાળો આવ્યો ત્યારે હું બહાર જતો હતો. ૮. અમે નિશાળે જતા હતા ત્યારે અમને અમારી (our) બેનો મળી. ૯. અમે વાડીમાં ક્રિકેટ રમતા હતા ત્યારે મહેતાજીએ અમને જોયા. ૧૦. હું બહાર ગયો ત્યારે દરજી પડશાળમાં સીવતો હતો. ૧૧. મારી બેનો બિલાડી તથા તેનાં બચ્ચાં સાથે (with) રમતી હતી. ૧૨. હમણાં વરસાદ વરસે છે, અને કાલે આ વખતે વરસાદ વરસતો હતો. ૧૩. તે દુકાનદારે આ અજાણ્યા માણસને છેતર્યો. ૧૪. હું લખવાનાં ઘણાં કામમાં છું. ૧૫. તું વાંચવાનાં ઘણાં કામમાં હતો. ૧૬. છોડી પાણી ભરવાનાં ઘણાં કામમાં પડી હતી. ૧૭ તે (she) ગાય દોહતી હતી અને તેની બેન લુગડાં ધોતી હતી. ૧૮. શિઆળામાં ફુલો ચીમળાઇ ગયાં. ૧૯. મેં જોયું કે તે રસોઇ કરતી હતી. ૨૦. આપણી પછવાડે તેઓ આવતા હતા. ૨૧. હું આવ્યો ત્યારે તારા દરવાજા આગળ છ માણસો બેઠેલાં હતાં. ૨૨. તું બહાર નીકળ્યો ત્યારે દશ વાગતા હતા. ૨૩. જ્યારે અમે આવ્યા ત્યારે વરસાદ પડતો હતો. ૨૪. તમે બોલતા હતા. ૨૫. અમે હિસાબ કરતા હતા. ૨૬. ગઇ કાલે સૂર્ય સવારના પ્રકાશતો હતો. ૨૭. હમણાં અઢી વાગ્યા છે. ૨૮. સાંભળો, ઘંટ વાગે છે, કેમકે પાંચ વાગ્યા છે. ૨૯. અમે રસ્તા ઉપર હતા ત્યારે નવ વાગતા હતા.

પાઠ ૧૬.

ભવિષ્યકાળ વિષે.

THE FUTURE TENSE.

૬૫) ગુજરાતીમાં ભવિષ્યકાળ પ્રત્યય લગાડ્યાથી થાય છે. જેમકે ખા–ખાશે, ખાઇશ. પણ અંગ્રેજીમાં ભવિષ્યકાળના પ્રત્યય નથી; Shall અને will એ સહાયકારક ક્રિયાપદ વાપરવાથી ભવિષ્યકાળ થાય છે.

નિયમ:—અંગ્રેજીમાં ભવિષ્યકાળ ક્રિયાપદના મૂળરૂપ આગળ shall અને will મૂક્યાથી થાય છે. જેમકે I shall go—હું જઇશ. You will see તમે જોશો.

એકવચન.	અનેકવચન.
હું જઇશ I shall go	અમે જઇશું We shall go
તું જશે Thou wilt go	તમે જશો You will go
તે જશે He will go	તેઓ જશે They will go

૬૬) અભ્યાસપાઠ (ભાગ ૧).

ભરવાડ a shepherd	છ કલાક six hours
ઘડિઆળ (મોટું) a clock	જલદી fast
,, (નાનું) a watch	કાલે (આવતી) to-morrow
ચાલવું (ઘડિઆળનું) to go	શરૂ થવું to begin
ઓળખવું to know	આંગળી a finger
છ વાગે at six o'clock	ધીમે slow

૧. તેઓ આ ચોપડી પસંદ કરશે. ૨. સૂર્ય ઉગશે. ૩. આવતી કાલે સૂર્ય છ વાગે ઉગશે. ૪. તે પોતાના પાઠ સવારે શીખશે. ૫. ઘડિઆળ અટકશે. ૬. નિશાળ ૧૧ વાગે શરૂ થશે. ૭. તે છોકરી પોતાની આંગળી કાપશે. ૮. તે બાપડીઓ મોડાં

ગૂંથશે. ૯. આ ઘડિઆળ જલદી ચાલે છે. ૧૦. અમારૂં ઘડિઆળ ધીમે ચાલે છે. ૧૧. હવે તે જલદી ચાલશે. ૧૨. છોકરાઓ ત્રણ કલાક લખશે અને પાંચ વાગે ઘેર જશે. ૧૩. શિક્ષક નવ વાગે આવશે. ૧૪. તેઓ તમને આ રસ્તાપર મળશે. ૧૫. ભરવાડ પોતાનાં ઘેટાંને ઓળખે છે અને ઘેટાં તેને ઓળખે છે. ૧૬. જ્યારે ઘંટ વાગશે ત્યારે કામ શરૂ થશે. ૧૭. વસંતમાં આ ફૂલો ખીલે છે. ૧૮. કુતરો અજાણ્યાને કરડશે. ૧૯. અમે સીસાપેનથી લખીશું. ૨૦. તમે ચોપડી એકાદ મેજપર જોશો. ૨૧. દોડો, દોડો, બિલાડી બધું દૂધ પી જશે. ૨૨. તે છોકરાઓ તમને છેતરશે. ૨૩. જો વરસાદ નહિ વરસશે તો ફૂલો ચીમળાશે. ૨૪. તે કૂતરો બિલાડીની પાછળ દોડશે. ૨૫. તે છોડી પેટીને તાળું દેશે અને પછી બહાર જશે. ૨૬. અમે ગઇ કાલે ઘણાં કામમાં હતા. ૨૭. આવતી કાલે અમો અમારી કલમ, ખડીઓ ને પત્થરપાટી લાવીશું. ૨૮. આ વખતે તમો ઘણાં કામમાં હશો. ૨૯. પેલી છોકરી પાસે સુંદર ફૂલ છે. ૩૦. હા, એની વાડીમાં ઘણાં સુંદર ફૂલ ઉગે છે. ૩૧. અમે બે કલાક વાંચીશું અને પછી નિશાળે જઇશું.

અભ્યાસપાઠ (ભાગ ૨).

ચાલુ ભવિષ્યકાળ વિષે.

THE CONTINUOUS FUTURE TENSE.

૬૭) અંગ્રજીમાં ચાલુ ભવિષ્યકાળ વર્ત્તમાન કૃદંત આગળ shall be અથવા will be મૂકવાથી થાય છે. જેમકે, I shall be reading હું વાંચતો હોઇશ. He will be reading તે વાંચતો હશે.

૧. તે વખતે અમે દાખલા કરતા હોઇશું. ૨. આવતી કાલે આ વખતે તમો રમતા હશો. ૩. તે પોતાની ગાયને દોહતી હશે. ૪. સાંજે વાડીમાં આવજો, તેઓ ત્યાં બેઠેલા હશે. ૫. ખેતરમાં ગાયો ચરતી હશે. ૬. મહેતાજી આવતા હશે. ૭. મારી બેન મોજાં ગૂંથતી હશે. ૮. અમે તમારા ઘર પાસે ઉભા હોઇશું.

નીચેનાં વાક્યોમાં જે ક્રિયાપદ છે તેના ચાલુ ભવિષ્યકાળનાં રૂપ લખો.

1. I am going. 2. He will start. 3. We have come. 4. Thou art watching. 5. They have arrived. 6. The train has come. 7. It rains. 8. The soldiers will march. 9. The ox is drawing the plough. 10. The boys asked some questions.

પાઠ ૧૭.

અનિયમિત ક્રિયાપદ વિષે.

THE IRREGULAR VERBS.

૬૮) Ed પ્રત્યય લગાડ્યાથી અંગ્રેજી ક્રિયાપદનાં ભૂતકાળ તથા ભૂતકૃદંત બને છે, એવું આપણે શીખ્યા (પાઠ ૧૩ જુઓ). જે ક્રિયાપદને ed લાગે છે તેઓને નિયમિત ક્રિયાપદ (The Regular Verbs) કહે છે.

૬૯) પણ બધાં ક્રિયાપદનાં ભૂતકાળ તથા ભૂતકૃદંત ed લગાડ્યે થતાં નથી. જે ક્રિયાપદનાં ભૂતકાળ તથા ભૂતકૃદંત જુદી જુદી રીતે થાય છે, એવાં ક્રિયાપદને અનિયમિત ક્રિયાપદ (The Irregular Verbs) કહે છે. એવાં અનિયમિત ક્રિયાપદનાં

ત્રણ વર્ગ કરી શકાય છે. ૧. જેનાં ત્રણે રૂપ સરખાં હોય. ૨. જેનાં બે રૂપ સરખાં હોય. ૩. જેનાં ત્રણે રૂપ જુદાં હોય. જેમકે :—

વર્ત્તમાનકાળ.	ભૂતકાળ.	ભૂતકૃદંત.
1. I cut (હું કાપું છું)	I cut (મેં કાપ્યું)	cut (કાપેલું)
2. I hold (હું ધરૂં છું)	I held (મેં ધર્યું)	held (ધરેલું)
3. I speak (હું બોલું છું)	I spoke (હું બોલ્યો)	spoken (બોલેલું)

૭૦) ત્રણે રૂપે સરખાં રહે છે એવાં અનિયમિત ક્રિયાપદ.

ફૂટવું to burst	વાંચવું to read
પૈસા બેસવા to cost	ઘાલવું, ઘોંચવું to thrust
કાપવું to cut	બંધ કરવું to shut
ઇજા કરવી to hurt	ફાડવું to split
રજા આપવી, દેવું to let	પાથરવું to spread
મૂકવું to put	

To cost એ ક્રિયાપદનો ઉપયોગ કરતાં સંભાળ રાખવી. ગુજરાતીમાં આપણે કહીએ કે આ ચોપડીના બે આના બેઠા. તેનું અંગ્રેજી આમ કરવું This book cost me two annas.

૭૧) અભ્યાસપાઠ.

પરપોટો a bubble	દોરડું a rope
ગજવું a pocket	ખુરશી a chair
પર on	સુઇ જવું to go to bed
પથારી a bed	લાકડાં firewood
શીશી a bottle	મને જવાદો let me go
અર્ધો રૂપીઓ half a rupee	તેને વાંચવાદો let him read
ખારવો a sailor	

૧. તે દરવાજો બંધ કરે છે. ૨. તેણે દરવાજો બંધ કર્યો. ૩. તમે દરવાજો બંધ કરતા હતા. ૪. મને તમે ઇજા કરી. ૫. પરપોટો ફૂટયો. ૬. મારા ગજવામાં તેણે પોતાનો હાથ ઘાલ્યો. ૭. મારા હાથમાં તેણે કલમ ઘોંચી. ૮. તે પોતાની પથારી પાથરે છે. ૯. તેણે પોતાની પથારી પાથરી. ૧૦. શીશી ફૂટી. ૧૧. ખારવાએ દોરડું કાપ્યું. ૧૨. ખુરસીપર મેં ચોપડી મૂકી. ૧૩. તેણીએ (she) પોતાની (her) આંગળી કાપી. ૧૪. હું આ દોરડું કાપું છું. ૧૫. કાલે તે લાકડાં ફાડતો હતો. ૧૬. આ ચોપડીના મને બે રૂપીઆ બેઠા. ૧૭. આ પત્થરપાટીના તેને ચાર આના બેઠા. ૧૮. તેના ચપ્પુનો અર્ધો રૂપીઓ બેઠો. ૧૯. આ પાઘડી લલ્લુએ કાપી. ૨૦. અમને બહાર જવા દો. ૨૧. આવા ચપ્પુનો અર્ધો રૂપીઓ બેસે છે. ૨૨. હું સુઇ જાઉં છું. ૨૩. અમે દશ વાગે સુઇ જઇએ છીએ. ૨૪. અમે બારી બંધ કરીએ છીએ. ૨૫. તમે બારી બંધ કરી. ૨૬. તેઓ ચોપડી વાંચે છે. ૨૭. તેઓએ ચોપડી વાંચી. ૨૮. અમે તમને રમવા દઇશું. ૨૯. તે છોકરી તમને પોતાની જોડે રમવા દેશે. ૩૦. મેં તેને જવા દીધો. ૩૧. તે તમને ઇજા કરશે.

પાઠ ૧૮.

પૂર્ણ વર્ત્તમાનકાળ.

THE PRESENT PERFECT TENSE.

૭૨) To be ક્રિયાપદની પેઠે to have ક્રિયાપદ પણ સહાયકારક ક્રિયાપદ તરીકે વપરાય છે. To be ક્રિયાપદથી ચાલુ રૂપ થાય છે પણ to have વાપરવાથી પૂર્ણરૂપ થાય છે. પૂર્ણવર્ત્તમાનકાળ નીચે પ્રમાણે થાય છે.

નિયમ:—ભૂતકૃદંતની સાથે to have સહાયકારક વાપરવાથી પૂર્ણવર્તમાનકાળ થાય છે. જેમકે I have walked હું ચાલ્યો છું. I have spoken હું બોલ્યો છું.

એકવચન.	અનેકવચન.
૭૩) I have spoken હું બોલ્યો છું	We have spoken અમે બોલ્યા છીએ
Thou hast spoken તું બોલ્યો છે.	You have spoken તમે બોલ્યા છો.
He has spoken તે બોલ્યો છે.	They have spoken તેઓ બોલ્યા છે.

૭૪) બીજાં અનિયમિત ક્રિયાપદ નીચે આપ્યાં છે, તેનાં રૂપ ઉપર ધ્યાન આપવું.

	ભૂતકાળ.	ભૂતકૃદંત.
લેવું to take*	took	taken
હાલવું, હલાવવું to shake	shook	shaken
ભાંગવું, ફોડવું to break	broke	broken
ફાડવું to tear	tore	torn
પહેરવું to wear	wore	worn
ઊભું રહેવું to stand	stood	stood
બનાવવું to make	made	made
ખવડાવવું to feed	fed	fed
ખોદવું to dig	dug	dug
દોરવું, દોરી લઇ જવું to lead	led	led
વેચાતું લેવું to buy	bought	bought

* ક્યા ક્યા અનિયમિત ક્રિયાપદના બે રૂપ થાય છે અને કોનાં ત્રણ થાય છે તે શિક્ષકે બતાવવા.

૭૫) અભ્યાસપાઠ.

પોતાનું બધું all his
માંથી બહાર out of
સાહેબલોક Englishmen
શરીર the body
રોટલો a loaf
લઇલેવું to take away
બીજું another
ડગલો a coat
દિવસ a day
વાંદરો a monkey
કાગળ paper
તરફ towards
નદી a river
ભાઇ a brother
માંથી out of
ગઇ રાત્રે last night
સર્વે all
પ્યાલું a cup, a bowl
કોણ who
પૃથ્વી the earth
તબેલો a stable
આવું such
હાલ now, at present
અહીંઆં here
ઘોડાવાળો a groom
કોઇ some one

૧. પૃથ્વી કોણે બનાવી? ૨. ઇશ્વરે પૃથ્વી બનાવી છે. ૩. કુતરો પાણીમાંથી બહાર આવ્યો, અને જોરથી પોતાનું શરીર હલાવ્યું ૪. તેણે આખો રોટલો લીધો. ૫. તેણે આખો રોટલો લીધો છે. ૬. ગઇ રાત્રે પેટીમાંથી કોઇએ પૈસા લઇ લીધા. ૭. છોકરો કાગળ ફાડે છે. ૮. બિલાડીએ પ્યાલું ફોડયું. ૯. તેણે તે ફોડયું છે. ૧૦. કાલે આ ડગલો મેં પહેર્યો ૧૧. આ ડગલો મેં ત્રણ દિવસ પહેર્યો છે. ૧૨. વાંદરે ચોપડી ફાડી છે. ૧૩. મેં લાકડી લીધી અને તેને (it) ભાંગી. ૧૪. આપણી બારીઓ કોણે ભાંગી? ૧૫. આવી ટોપી તેઓ પહેરે છે. ૧૬. તું વાડીમાં ખોદતો હતો. ૧૭. તેઓએ આખી વાડી ખોદી છે. ૧૮. ચાકરે કુતરાને ખવડાવ્યું છે. ૧૯. કાલે તમે અહીંઆં ઉભા હતા. ૨૦. ઘોડાવાળો ઘોડાને તબેલે દોરી લઇ જાય છે. ૨૧. ઘોડાવાળાએ ઘોડા નદી તરફ દોર્યા. ૨૨. સવારે હું વાડીમાં ખોદતો હતો અને

મારો નાનો ભાઇ મારી પાસે ઉભો હતો. ૨૩. તે બે ભાઇઓ પોતાનાં ઘરડાં માબાપને નદી તરફ દોરી લઇ ગયા. ૨૪. પછી મારા બાપે મારે માટે એક નવો ડગલો વેચાનો લીધો. ૨૫. શિઆળામાં લોકો ગરમ લુગડાં પહેરે છે. ૨૬. આપણે પાઘડી પહેરીએ છીએ અને સાહેબ લોક મોટી ટોપી પહેરે છે. ૨૭. આ છોકરાએ મેજ હલાવી. ૨૮. મારા બાપે આ નવું ઘર વેચાતું લીધું છે. ૨૯. દશ વાગ્યા છે (it is), હવે અમે નિશાળે જઇશું. ૩૦. નિશાળનો દરવાજો કોણે બંધ કીધો? ૩૧. દરવાજો ખોલો ને તમારા વર્ગમાં બેસો.

પાઠ ૧૯.

પૂર્ણભૂતકાળ.

THE PAST PERFECT (PLUPERFECT) TENSE.

૭૬) અમુક વખત પહેલાં કોઇ ક્રિયા થઇચુકી હતી એ જણાવવાને ક્રિયાપદના જે રૂપ થાય છે તેને પૂર્ણ ભૂતકાળ (The Pluperfect Tense) કહે છે.

નિયમ:—ભૂતકૃદંત આગળ to have ના રૂપ had મૂક્યાથી પૂર્ણભૂતકાળ થાય છે. જેમકે,

એકવચન.	અનેકવચન.
હું બોલ્યો હતો I had spoken	અમે બોલ્યા હતા We had spoken.
તું બોલ્યો હતો Thou hadst spoken	તમે બોલ્યા હતા You had spoken
તે બોલ્યો હતો He had spoken	તેઓ બોલ્યા હતા They had spoken.

ઉદાહરણ.

અમે આવ્યા તે પહેલાં ચોરો નાસી ગયા હતા The robbers had run away before we came.

તમે આવ્યા તે પહેલાં તે કામ શરૂ થયું હતું The work had begun before you came.

૭૭) અંગ્રેજી સામાન્ય રૂપનો તરજુમો બે રીતે થાય છે:—

To read—વાંચવું અને વાંચવા કે વાંચવાને.

To write—લખવું અને લખવા કે લખવાને.

ઉદાહરણ.

જુઠું બોલવું એ પાપ છે	To tell a lie is sin.
તે લખવા માંડે છે	He begins to write.
તે ભણવાને આવ્યો	He came to learn.
તે વાંચતા (વાંચતા) શીખે છે	He is learning to read.

૭૮) સામાન્યરૂપ.	ભૂતકાળ.	ભૂતકૃદંત.
ખાવું to eat (ઇટ)	ate (એટ)	eaten (ઇટન).
માર મારવો, મારવું to beat(બીટ)	beat(બીટ)	beaten(બીટન)
માંડવું, શરૂ કરવું to begin	began	begun.
ગાવું to sing	sang	sung
કરવું to do	did	done
જણવું to bear	bore	born
લઇ જવું, ખમવું to bear	bore	borne
જવું to go	went	gone
દોડવું to run	ran	run
ઓળખવું, જાણવું to know	knew	known
આવવું to come	came	come
થવું to become	became	become
ચોરવું to steal	stole	stolen
આપવું to give	gave	given

૭૯) અભ્યાસપાઠ.

તોબરો a nose-bag
ચણા gram
થોડો રોટલો some bread
મા a mother
માનવું, તાબે થવું to obey
જુવાન young
સુધરવું to improve
પૈસાની થેલી a purse
પગે on the leg
જનમ્યો હતો was born
કોઇ some one
ઘણું much, a great deal
આજ to-day
બજારે to market
જુલાઇની ૨૬મી તારીખે on the 26th of July
પાડોશી a neighbour
ઉતાવળથી quickly
હુકમ a command
ઇશ્વરનું God's
આપણી ફરજ, આપણો ધર્મ our duty
પચ્ચીસમું the twenty-fifth
નાતાલ Christmas
નાહવું to bathe

૧. ઘોડો તોબરામાંથી ચણા ખાય છે. ૨. ઘોડાએ બધું ઘાસ ખાધું છે. ૩. ગાયે મારા ભાઇના હાથમાંથી થોડો રોટલો ખાધો. ૪. તે ખરાબ છોકરો છે અને તેની મા તેને મારે છે. ૫. કાલે તેણે મારા નાના ભાઇને માર્યો. ૬. અમે આવ્યા તે પહેલાં અમારી બેને ગાયને દોહી હતી. ૭. તેણે ઘણું દુઃખ ખમ્યું છે. ૮. તમે ઘરડા થયા છો. ૯. જ્યારે તે મને મળ્યો ત્યારે મેં તેને ઓળખ્યો. ૧૦. તે લખવા માંડે છે. ૧૧. તે સુધરવા લાગ્યો. ૧૨. મારી દીકરીએ પૈસાની થેલી ગૂંથવા માંડી છે. ૧૩. આપણા પાડોશીને ચહાવા (એ) આપણી ફરજ છે. ૧૪. હું આવ્યો ત્યારે બાળકો ગીત ગાતાં હતાં. ૧૫. પેલું ગીત તમે બરોબર ગાયું. ૧૬. સવારે નહાવું સારૂં છે. ૧૭. ઓ ઇશ્વર, તું અમને જુએ છે. ૧૮. ઇશ્વરના હુકમ માનવા (એ) આપણો ધર્મ છે ૧૯. અમે ૭ વાગે અહીંઆં આવ્યા, તેઓ સાંજે અહીંઆં

આવશે. ૨૦. તે (it) મેં કર્યું. ૨૧. કોઇએ મારા પાડોશીની ઘડિઆળ ચોરી છે. ૨૨. તે રોજ બજારે જાય છે. ૨૩. મારા કાકાનો દીકરો મુંબઇ (to B.) ગયો છે. ૨૪. તે ડિસેમ્બરની એકવીસમી તારીખે જનમ્યો હતો. ૨૫. મોતીને તારી ચોપડી આપજે. ૨૬. ઇશ્વરે બધું બનાવ્યું છે. ૨૭. બધા પાડોશીઓ બહાર જોવા ગયા. ૨૮. લશ્કર આવ્યું તે પહેલાં તેઓ નાસી ગયા હતા. ૨૯. અમે ઉતાવળથી દોડ્યા. ૩૦. ઇશ્વર આપણને (us) ખવડાવે છે. ૩૧. આપણે ઇશ્વરના હુકમ તોડ્યા છે. ૩૨. માબાપને માન આપવું (એ) છોકરાંનો ધર્મ છે. ૩૩. ડિસેમ્બરની પચ્ચીસમીએ નાતાલ આવે છે. ૩૪. ખારવાઓ નદીમાં તરવા ગયા. ૩૫. તેઓ ગયા તે પહેલાં અમે તેમની સાથે વાત કરી હતી.

પાઠ ૨૦.

પૂર્ણ ભવિષ્યકાળ.

THE FUTURE PERFECT TENSE.

૯૦) ભવિષ્યકાળમાં અમુક સમય પહેલાં કોઇ ક્રિયા થઇ રહેશે એ જણાવવાને ક્રિયાપદનાં જે રૂપ થાય છે તેને પૂર્ણ-ભવિષ્યકાળ (The Future Perfect Tense) કહે છે.

નિયમ:—ક્રિયાપદનાં ભૂતકૃદંતની આગળ shall have મૂક્યાથી પૂર્ણ ભવિષ્યકાળ થાય છે. જેમકે :—

એકવચન.	**અનેકવચન.**
I shall have spoken	We shall have spoken
Thou wilt have spoken	You will have spoken
He will have spoken	They will have spoken

અર્થ:—હું બોલી ચૂક્યો હોઇશ, તું બોલી ચૂક્યો હોઇશ, વગેરે.

ઉદાહરણ.

અમે પહોંચીશું તે પહેલાં તે પોતાનું કામ પૂરૂં કરી રહેશે, અથવા અમારા પહોંચ્યા પહેલાં તેણે પોતાનું કામ પૂરૂં કર્યું હશે.	He will have finished his work before we arrive.

૮૧) સામાન્યરૂપ.	ભૂતકાળ.	ભૂતકૃદંત.
જડવું to find	found	found
દળવું to grind	ground	ground
બોલવું to speak	spoke	spoken
સંતાડવું to hide	hid	hidden
કરડવું to bite	bit	bitten

૮૨) અભ્યાસપાઠ.

મને જડે છે I find
કુંચી a key
રૂમાલ a handkerchief
નીકળવું, ઉપડવું to start
ઘંટી a mill
થોડાજ only a few
કેમકે because
મગર an alligator
તો પણ yet, still
થોડા પૈસા a little money
ભાષા a language
સાંજ પહેલાં before evening
આવી પહોંચવું to come up, to reach
હુલ્લડ કરનારા લોક rioters
આજારી, માંદો a patient
મરીજવું to die
બાજરી millet
(ઋતુ) બેઠી છે has set in
ઘડિઆળને કુંચી આપવી to wind up a watch (clock)

૧. તમો આવશો તે પહેલાં હું મારો પાઠ લખી રહીશ.
૨. છોકરીઓ ઘેર આવે તે પહેલાં ડોસી બાજરી દળી રહેશે.

૩. તેને મારો ચપ્પુ જડયો છે. ૪. તમે આવ્યા પહેલાં તેણે ચોપડી આપી હતી. ૫. મેં એને ધીમે વાંચવા કહ્યું. ૬. તે બહાર ગયા પહેલાં મેં એને જોયો હતો. ૭. તેઓ મુંબઇ પહોંચ્યા હશે. ૮. તેણે મારો રૂમાલ સંતાડયો. ૯. મગરને ચાર પગ ને લાંબી પૂછડી છે, તો પણ તે પાણીમાં તરે છે. ૧૦. ડોસીને અમે થોડા પૈસા આપ્યા. ૧૧. મેં તારા ભાઇને ચોપડી આપી છે. ૧૨. મારા કાકાએ તને નવી ઘડિઆળ આપી છે. ૧૩. ડોસીએ ઘઉં દળ્યા છે, કેમકે તેની પાસે ઘંટી છે. ૧૪. તેણે થોડાજ પૈસા લીધા. ૧૫. મારો બાપ ઘેર આવ્યો તે પહેલાં મારી બેને ગાય દોહી હતી. ૧૬. પાંચ વાગે પ્રેમબાઇએ ગાય દોહી હતી. ૧૭. લશ્કર આવી પહોંચ્યું તે પહેલાં હુલ્લડ કરનારા નાસી ગયા. ૧૮. વૈદ્ય આવ્યા પહેલાં માંદો મરી ગયો હતો.* ૧૯. કાગળ પહોંચ્યા પહેલાં અમે મુંબઇથી ઉપડીશું. ૨૦. તમારી કુંચી મને જડી. ૨૧. બાર વાગ્યા પહેલાં હું મારો પાઠ લખી રહીશ. ૨૨. ત્રણ વરસમાં હું ત્રણ ભાષા શીખી રહીશ. ૨૩. સાંજ પહેલાં તે બાજરી દળી રહેશે. ૨૪. તેઓ મુંબઇથી કાલે નીકળશે. ૨૫. તમે કુંચી આપો તે પહેલાં ઘડિઆળ અટકશે. ૨૬. આપણે આવી પહોંચ્યા પહેલાં તે પોતાના પાઠ શીખી રહેશે. ૨૭. આપણે બહાર ગયા ત્યારે છોકરા નિશાળેથી ઘેર જતા હતા. ૨૮. વસંત આવતા પહેલાં આ ફૂલો કરમાઇ જશે. ૨૯. હવે વરસાદની ઋતુ બેઠી છે. ૩૦. આ છોકરીને તમારો રૂમાલ જડયો છે. ૩૧. હું તેને બજારમાં મળ્યો.

---

* Die ક્રિયાપદ (મરીજવું) સહાયકારક to have સ્વીકારે છે, જેમકે My brother has died મારો ભાઇ મરી ગયો. Dead તો વિશેષણ છે અને to be સાથે વપરાય છે, જેમકે My brother is dead, મારો ભાઇ મરી ગએલો છે એટલે જીવતો નથી.

પાઠ ૨૧.

To Love ના બધા કાળનાં રૂપ.

Conjugation of To Love.

(૮૩) શુદ્ધ કાળ તો માત્ર ત્રણ છે—વર્તમાન, ભૂત અને ભવિષ્ય. એ દરેક કાળના બે વિભાગ છે. એક ચાલુ રૂપ અને બીજું પૂર્ણ રૂપ. તેથી દરેક કાળના ત્રણ રૂપ થાય છે—શુદ્ધ વર્તમાન, ચાલુ વર્તમાન, તથા પૂર્ણ વર્તમાન. શુદ્ધ ભૂત, ચાલુ ભૂત તથા પૂર્ણ ભૂત. શુદ્ધ ભવિષ્ય, ચાલુ ભવિષ્ય તથા પૂર્ણ ભવિષ્ય.

To love ક્રિયાપદનું રૂપાખ્યાન નીચે આપ્યું છે, તે વિદ્યાર્થીએ લક્ષમાં રાખવું.

Present Tense	*Present Continuous*	*Present Perfect*
1. I love	1. I am loving	1. I have loved
2. Thou lovest	2. Thou art loving	2. Thou hast loved
3. He loves	3. He is loving	3. He has loved
1. We love	1. We are loving	1. We have loved
2. You love	2. You are loving	2. You have loved
3. They love	3. They are loving	3. They have loved
Past Tense.	*Past Continuous.*	*Past Perfect.*
1. I loved	1. I was loving	1. I had loved
2. Thou lovedst	2. Thou wast loving	2. Thou hadst loved
3. He loved	3. He was loving	3. He had loved
1. We loved	1. We were loving	1. We had loved.
2. You loved	2. You were loving	2. You had loved
3. They loved	3. They were loving	3. They had loved
Future Tense.	*Future Continuous.*	*Future Perfect.*
1. I shall love	1. I shall be loving	1. I shall have loved
2. Thou wilt love	2. Thou wilt be loving	2. Thou wilt have loved
3. He will love	3. He will be loving	3. He will have loved
1. We shall love	1. We shall be loving	1. We shall have loved
2. You will love	2. You will be loving	2. You will have loved
3. They will love	3. They will be loving	3. They will have loved

ઉપલાં રૂપાખ્યાન પ્રમાણે to cut, to stand, to speak, to play નાં રૂપાખ્યાન લખો.

પાઠ ૨૨.

પ્રશ્નાર્થ રૂપ.

INTERROGATIVE FORMS.

(૮૪) ગુજરાતીમાં પ્રશ્ન પૂછતાં વાક્યની જોડણી બદલવી પડતી નથી. બોલવાની રીત કાંઇક જુદી હોય છે, અથવા તો વાક્યમાં શું મૂકે છે. જેમકે:—આ પાઠ તમે લખ્યો? અથવા શું આ પાઠ તમે લખ્યો? પણ અંગ્રેજીમાં વાક્ય રચનામાં ફેર કરવો પડે છે.

નિયમ:—જો વાક્યમાં મુખ્ય ક્રિયાપદની સાથે સહાયકારક ક્રિયાપદ હોય તો કર્ત્તાને સહાયકારક ક્રિયાપદ તથા મુખ્ય ક્રિયાપદની વચ્ચે મૂકવો.

ઉદાહરણ.

તમે વાંચો છો You are reading	શું તમે વાંચો છો Are you reading?
તેઓ આવ્યા છે They have come	શું તેઓ આવ્યા છે? Have they come?
તેણે લખ્યું હતું He had written	શું તેણે લખ્યું હતું? Had he written?
તે છોકરી જશે That girl will go.	શું તે છોકરી જશે? Will that girl go?

૮૫) અભ્યાસપાઠ.

કોઇ દહાડો ever, at any time
તેને ત્યાં to his house
જમવું to take one's dinner, to dine
પેદા કરવું to create
થોડી વારમાં soon
વિચિત્ર strange
તૈયાર થવું to be ready
જરા a little
ક્યારે when
રાહ જોવી to wait for

૧. હરજી, તેં કોઇ દહાડો કંઇ વસ્તુ કરી છે? ૨. મોતી, તું મને તારી ચોપડી આપશે? ૩. શું તે જમી રહ્યા હતા? ૪. અમે નિશાળે જઇએ છીએ, તમે આવો છો? ૫. થોડીવારમાં હું તૈયાર થઇશ, જરા મારી રાહ જોશો? ૬. દુનીઆ કોણે પેદા કરી છે? ૭. શું કોઇ માણસે દુનીઆ પેદા કરી છે? ૮. ના, દુનીઆ પરમેશ્વરે પેદા કરી છે. ૯. આવતી કાલે તમારા ભાઇ ઉપર (to) તમે કાગળ લખશો? ૧૦. શું તમે બોલતા હતા? ૧૧. મારી ચોપડી તમે મેજ પર મૂકી છે? ૧૨. તે ક્યારે જમશે? ૧૩. તમે તેને ત્યાં જશો? ૧૪. હું આજે દશ વાગે જમીને ત્યાં જઇશ, તમે ક્યારે આવશો? ૧૫. શું પેલી બાયડીએ નદીમાં લુગડાં ધુએ છે? ૧૬. તમે ગઇ કાલે આખો દિવસ રમતા હતા? ૧૭. અમારી સાથે આવવાને તમો તૈયાર છો? ૧૮. જ્યારે તમે નિશાળે જતા હતા, ત્યારે વરસાદ વરસતો હતો. ૧૯. શું હમણાં વરસાદ વરસે છે? ૨૦. તમે ગોપાળને કદી વર્ગમાં રમતો જોયો છે? ૨૧. શું તમારી બેન ગાય દોહતી હતી? ૨૨. શું અમે આવ્યા તે પહેલાં તે ગાય દોહી રહી હતી? ૨૩. આ વખતે છોકરાઓ ક્રિકેટ રમતા હશે? ૨૪. તમે તેને મદદ કરવાને જશો? ૨૫. તમે કદી ઊંટ જોયું છે? ૨૬. તે કેવું વિચિત્ર પ્રાણી છે? ૨૭. હા, તે વિચિત્ર પ્રાણી છે પણ તે બહુ ઉપયોગી છે. ૨૮. કાલે તમો મારી સાથે ફરવા આવશો? ૨૯. તું મને ચાહશે?

પાઠ ૨૩.

પ્રશ્નાર્થ રૂપ.

INTERROGATIVE FORMS (*Continued*).

TO DO ના રૂપ તથા ઉપયોગ વિષે.

THE FORMS AND USES OF TO DO.

૮૬) To Do નો વર્તમાનકાળ.

એકવચન.	અનેકવચન.
હું કરૂં છું I do	અમે કરીએ છીએ We do
તું કરે છે Thou dost	તમે કરો છો You do
તે કરે છે He does	તેઓ કરે છે They do

૮૭) To Do નો ભૂતકાળ.

મેં કર્યું I did	અમે કર્યું We did
તેં કર્યું Thou didst	તમે કર્યું You did
તેણે કર્યું He did	તેઓએ કર્યું They did

૮૮) To do ના બે ઉપયોગ છે. તે મુખ્ય ક્રિયાપદ તરીકે તેમજ સહાયકારક ક્રિયાપદ તરીકે વપરાય છે. એ મુખ્ય ક્રિયાપદ તરીકે વપરાય છે ત્યારે તેનો અર્થ (કામ) કરવું થાય છે. જેમકે તે પોતાનું કામ કરે છે. He does his work. તેણે પોતાના પાઠ કર્યા He did his lessons.

પ્રશ્નાર્થ રૂપ સંબંધી આપણે કહી ગયા કે જ્યારે મુખ્ય ક્રિયાપદની સાથે સહાયકારક હોય તો કર્ત્તાને બન્નેની વચ્ચે મૂકવો. હવે વર્તમાનકાળ તથા ભૂતકાળમાં તો એકલું મુખ્ય ક્રિયાપદ હોય છે ત્યારે એનું પ્રશ્નાર્થ રૂપ કેમ કરવું?

નિયમ:—જ્યારે પ્રશ્નાર્થ રૂપમાં સહાયકારક ક્રિયાપદ ન હોય ત્યારે પહેલાં do લખી કર્તા મૂકવો અને પછી મુખ્ય ક્રિયાપદ વાપરવું, જો ભૂતકાળ હોય તો doને ઠેકાણે did લખવો. શું તમે લખો છો? Do you write? શું તેણે લખ્યું? Did he write?

સૂચના:—યાદ રાખવું કે ભૂતકાળમાં મુખ્ય ક્રિયાપદને ભૂતકાળનું રૂપ ન આપવું. Did he wrote? એ કેવળ ખોટું છે. Did he write? જોઇએ.

૮૯) પ્રશ્નાર્થ (Interrogative) વર્તમાનકાળ.

એકવચન.	**અનેકવચન.**
Do I write?	Do we write?
Dost thou write?	Do you write?
Does he write?	Do they write?

અર્થ:—શું હું લખું છું? શું તું લખે છે? વગેરે.

૯૦. પ્રશ્નાર્થ (Interrogative) ભૂતકાળ.

એકવચન.	**અનેકવચન.**
Did I write?	Did we write?
Didst thou write?	Did you write?
Did he write?	Did they write?

અર્થ:—શું મેં લખ્યું? શું તેં લખ્યું? શું તેણે લખ્યું? વગેરે.

સામાન્યરૂપ.	ભૂતકાળ.	ભૂતકૃદંત.
જીતવું, મેળવવું to win	won	won
મોકલવું to send	sent	sent
બાંધવું to build	built	built

સામાન્યરૂપ.	ભૂતકાળ.	ભૂતકૃદંત.
લાવવું, તેડી લાવવું to bring	brought	brought
ઝીલવુ, ઝાલવું to catch	caught	caught
લડવું to fight	fought	fought
શિખવવું to teach	taught	taught
કરવું to do	did	done

૯૧) અભ્યાસપાઠ.

કુહાડો a hatchet, an axe
લુહાર a blacksmith
લોઢું iron
ક્યાં where
સુંદર handsome
ભેટ a present
તબેલો a stable
પાણીની નળી a water-pipe
ગયે વરસે last year
રોજ every day
અભ્યાસપાઠ an exercise
નહિ
ત્રીજે ત્રીજે દિવસે every other day
કપતાન a captain
થી from
શિકારી કુતરો a hound
દડો a ball
રહેવું to live
ખાંડ sugar
પૂરૂં થવું to be done, finished.

૧. શું તમે કુહાડો લાવ્યા? ૨. ના, લુહારે કુહાડો મોકલ્યો. ૩. શું તમે નવી મેજ લાવ્યા છો? ૪. તેણે મને સુંદર ભેટ મોકલી છે. ૫. ૭ વાગે મારી માએ મારા ભાઇને તથા મારી બેનને નિશાળે મોકલ્યાં. ૬. તમે ચોપડી વેચો છો? ૭. તેઓ મુંબઇ ગયા? ૮. તેણે સારા તબેલા બાંધ્યા છે. ૯. હું બટાટા લાવ્યો છું. ૧૦. શું પેલી છોડીઓ નિશાળે ગઇ? ૧૧. પાણીની નળી ફૂટી ગઇ છે. ૧૨. મેં મારૂં ઘર ગયે વરસે બાંધ્યું. ૧૩. શું

તમે પોતાના પાઠ કરો છો? ૧૪. તમે રોજ એક અભ્યાસપાઠ કરો છો? ૧૫. શું તેઓએ એ અભ્યાસપાઠ કર્યા? ૧૬. નહિ, તેઓ ત્રીજે ત્રીજે દિવસે એક નવો અભ્યાસપાઠ કરે છે. ૧૭. બાપા, ભાઇએ મને ચાર પાઠ શીખવ્યા. ૧૮. કપ્તાન રોબિન્સન ઈંગ્લાંડથી શિકારી કૂતરો લાવ્યો. ૧૯. તે કૂતરો તમે જોયો? ૨૦. બિલાડીએ ઉંદર ઝાલ્યો છે. ૨૧. મેં એને અંગ્રેજી શીખવ્યું છે. ૨૨. તેઓ ઘણા (very much) લડયા? ૨૩. હા, તેઓ ઘણા લડ્યા. ૨૪. તેણે પોતાના ભાઇને ક્યાં મોકલ્યો? ૨૫. આજ તમે મારે ત્યાં જમવા આવશો? ૨૬. શું તમે અમદાવાદમાં રહો છો? ૨૭. ખાંડ પૂરી થઇ છે. ૨૮. તમારો પાઠ પૂરો થયો છે? ૨૯. તમે મને ઓળખો છો? ૩૦. તમે મારા ભાઇને ક્યાં મળ્યા? ૩૧. શું તમે અંગ્રેજી શીખવો છો? ૩૨. તેઓ પોતાની નવી ચોપડી લાવ્યા?

પાઠ ૨૪.

પ્રશ્નાર્થ રૂપ.

INTERROGATIVE FORMS (*Continued*).

TO BE અને TO HAVE ના પ્રશ્નાર્થ રૂપ.

INTERROGATIVE FORMS OF TO BE AND TO HAVE.

૯૨) To be અને to have ના પ્રશ્નાર્થરૂપ સહેલાં છે. જ્યારે પ્રશ્નાર્થ રૂપમાં to be કે to have મુખ્ય ક્રિયાપદ તરીકે વપરાયલાં હોય ત્યારે તેમને કર્ત્તાની પહેલા મૂકવાં. જેમકે તે ઘરડો છે He is old. શું તે ઘરડો છે? Is he old? તેની પાસે બે ચોપડી છે He has two books. શું તેની પાસે બે ચોપડી છે? Has he two books?

૯૩) પ્રશ્ન પૂછતાં કોઇવાર પ્રશ્નાર્થ ક્રિયાવિશેષણ આવે છે, જેવાં કે when, where, how, why. અંગ્રેજીમાં પ્રશ્નાર્થ વાક્યમાં એ ક્રિયાવિશેષણો આરંભે મૂકાય છે. જેમકે તમે ક્યારે જશો? When will you go? તેઓ ક્યાં રહે છે? Where do they live? તેઓ શા માટે લડે છે? Why do they fight? આ બધા છોકરાઓ ક્યારે બહાર જશે? When will all these boys go out?

૯૪) અભ્યાસપાઠ.

પૂજવું to worship
કોને whom
કેમ–કેવી રીતે how?
સુતારનું કામ carpenter's work
વ્યાકરણ grammar
શા માટે why
પૂરો, સંપૂર્ણ perfectly
રમતિયાળ playful
મને આવડે છે I know
હા, સાહેબ Yes, sir,
સાથી a companion
ઉછીનું લેવું to borrow
ડોસો an old man
સોબતી a friend, a companion
મુંબઇ જનારી આગગાડી the train for Bombay
ભિખારી a beggar
ક્યારે when?
પકડવું to hold
ભરવાડ a shepherd
સર્વ ઠેકાણે everywhere
જૂઠું બોલવું to tell a lie
પવિત્ર holy, pure
બિલાડીનું બચ્ચું a kitten

૧. તમે કોને પૂજો છો? ૨. અમે ઇશ્વરને પૂજીએ છીએ. ૩. તમે ક્યાં રહો છો? ૪. હું મુંબઇ રહું છું. ૫. તમે વ્યાકરણ જાણો છો? ૬. મહેતાજી વ્યાકરણ સારૂં જાણે છે. ૭. શું તમને તે આવડે છે? ૮. હા, સાહેબ, તે મને આવડે છે. ૯. તે ડોસા કને એક લાંબી લાકડી છે? ૧૦. તે ક્યાં જાય છે? ૧૧. શું તે ડોસો ભિખારી છે? ૧૨. સારા છોકરાને ઘણા મિત્રો હોય છે?

૧૩. આ મારો સોબતી છે. ૧૪. શું તે તમારો સોબતી છે? ૧૫. મુંબઇ જનારી આગગાડી ક્યાં છે? ૧૬. તે આગગાડી આ રહી, તમે મુંબઇ જાઓ છો? ૧૭. તે ભરવાડ ઘેટાંને ખેતરમાં લઇ જશે. ૧૮. તે તમને ક્યારે લઇ જશે? ૧૯. તે તેમને સવારે લઇ જશે. ૨૦. આ બધા ભિખારીઓ શા માટે આવ્યા? ૨૧. આ ભિખારી જૂઠું બોલે છે. ૨૨. તે જૂઠું બોલે છે? ૨૩. ઇશ્વર પવિત્ર છે. ૨૪. ઇશ્વર પૂરો પવિત્ર છે. ૨૫. ઇશ્વર ક્યાં છે? તે સર્વ ઠેકાણે છે. ૨૬. તમે અંગ્રેજી બોલો છો શું? ૨૭. શું બિલાડીનું બચ્ચું રમતિઆળ છે? ૨૮. પેલા છોકરાઓ શા માટે લડે છે? ૨૯. તમે વર્ગમાં શા માટે બોલો છો? ૩૦. શું તેની બેનો ગાય છે? ૩૧. તમે સુતારનું કામ કરો છો? ૩૨. તમે નઠારા સોબતી સાથે શા માટે ફરો છો? ૩૩. આ નઠારો છોકરો પ્રામાણિક ક્યારે થશે? ૩૪. આ હિસાબ તમે શી રીતે કર્યો? ૩૫. તમે તમારી કલમ કેમ પકડો છો?

પાઠ ૨૫.

પ્રશ્નાર્થ સર્વનામ.

INTERROGATIVE PRONOUNS.

૯૫) અંગ્રેજીમાં પ્રશ્નાર્થ સર્વનામ ત્રણ છે—who, which અને what. who=કોણ, which=કયો, કઇ, કયું, what=કયો કઇ, કયું અથવા શું.

Who ના ત્રણે વિભક્તિમાં જુદાં રૂપ થાય છે, પણ which અને what એકજ રૂપે રહે છે.

કર્ત્તા.	કર્મ.	સંબંધ.
who	whom	whose

(૯૬) When, where, why અને how એ પ્રશ્નાર્થ ક્રિયાવિશેષણ છે. યાદ રાખવું કે પ્રશ્નાર્થ સર્વનામ તેમજ પ્રશ્નાર્થ ક્રિયાવિશેષણ વાક્યના આરંભમાંજ આવે છે.

ઉદાહરણ.

કોણ બોલે છે ?	Who is speaking ?
આ કોની ચોપડી છે ?	Whose book is this ?
તમે કોને જોયો ?	Whom did you see ?
તમે શું કરો છો ?	What are you doing ?
કયો છોકરો ગઇ કાલે આવ્યો?	Which boy came yesterday ?
તમે કઇ ચોપડી વાંચો છો ?	What book do you read ?
તમે આ દાખલો કેમ કર્યો ?	How did you work this sum ?
તમે શા સારૂ ગયા ?	Why did you go ?

(૯૭) અભ્યાસપાઠ.

ઇનામ લઇ જવુ to win a prize
ટેમ્સ નદી The Thames
અસ્ત પામવું to set
કેટલા વાગ્યા છે? What time is it ? What o'clock is it ?
આ રહ્યું here is
ત્રણ વાગ્યા છે it is three o'clock
નકશો a map
લંડન શેહેર London
છઠ્ઠું ધોરણ The sixth standard

૧. તમે કોની સાથે વાત કરો છો ? ૨. કયા સુતારે આ, પેટી બનાવી ? ૩. કઇ છોડી આ સુંદર ફૂલ લાવી ? ૪. તે ફૂલો ક્યાં છે ? ૫. આ રહ્યું તે ફૂલ. ૬. જગત કોણે બનાવ્યું? ૭. ઇશ્વરે જગત બનાવ્યું. ૮. તેણે મને, તમને, સૌ છોકરાને સરજ્યાં છે. ૯. તે આપણો પવિત્ર બાપ છે, અને તે સર્વ ઠેકાણે છે.

૧૦. સૂર્ય ક્યારે ઉગશે? ૧૧. ક્યાં માણસ વાડીમાં કામ કરે છે? ૧૨. આ કયો નકશો છે? ૧૩. લંડન શહેર ક્યાં છે? ૧૪. લંડન આ રહ્યું, સાહેબ. ૧૫. લંડન કઇ નદી પર છે? ૧૬. તે ટેમ્સ નદી પર છે. ૧૭. આજે સૂર્ય ક્યારે અસ્ત પામશે? ૧૮. આજે સૂર્ય છ વાગે અસ્ત પામશે. ૧૯. કયા લોક જૂઠું બોલે છે? ૨૦. પ્રામાણિક લોક જૂઠું બોલતા નથી. ૨૧. તેં શા ઉપરથી (how) તે જાણ્યું? ૨૨. તું ક્યારે મુંબઇ જશે? ૨૩. કયું સારૂં છે, આ કે પેલું? ૨૪. કયો ડગલો નવો છે? ૨૫. તે કોણ છે? ૨૬. તે મારો ભાઇ છે. ૨૭. કયો છોકરો પહેલું ઇનામ લઇ ગયો? ૨૮. છઠ્ઠા ધોરણનો પહેલો છોકરો તે લઇ ગયો. ૨૯. પેલાં કોનાં છોકરાં છે? ૩૦. તે છોકરાઓનો બાપ ક્યાં છે? ૩૧. કયો છોકરો સારો છે? ૩૨. તે વખતે કેટલા વાગ્યા હતા? ૩૩. આઠ વાગ્યા હતા.

પાઠ ૨૬.

નિષેધાર્થ રૂપ.

NEGATIVE FORMS.

૯૮) નિષેધાર્થ કે નકારવાચક ક્રિયાવિશેષણ અવ્યય અંગ્રેજીમાં not છે. ક્રિયાપદની સાથે વાપરીએ તો નિષેધાર્થ રૂપ થાય છે.

નિયમઃ—જ્યારે મુખ્ય ક્રિયાપદની જોડે સહાયકારક ક્રિયાપદ હોય ત્યારે મુખ્ય ક્રિયાપદ અને સહાયકારક ક્રિયાપદની વચ્ચે not મૂકાય છે. જેમકે, હું બોલતો નથી I am not speaking,

હું બોલ્યો નથી I have not spoken, તેઓ જશે નહિ They will not go.

૯૯) પણ વર્ત્તમાનકાળ તથા ભૂતકાળમાં સહાયકારક ક્રિયાપદ હોતું નથી. જ્યારે મુખ્ય ક્રિયાપદ આગળ સહાયકારક ન હોય, ત્યારે વર્ત્તમાનકાળમાં do અને ભૂતકાળમાં did આવે છે, અને તે do કે did ની પછી not મૂકવું. જેમકે હું લખું છું I write, હું લખતો નથી I do not write, મેં લખ્યું I wrote, મેં લખ્યું નથી I did not write.

૧૦૦) To write નાં નિષેધાર્થ રૂપ.

THE NEGATIVE FORMS OF TO WRITE.

વર્ત્તમાનકાળ.	ભૂતકાળ.	ભવિષ્યકાળ.
I do not write	I did not write	I shall not write
Thou dost not write	Thou didst not write	Thou wilt not write
He does not write	He did not write	He will not write
We do not write	We did not write	We shall not write
You do not write	You did not write	You will not write
They do not write	They did not write	They will not write

સૂચના :—જ્યારે મુખ્ય ક્રિયાપદ આગળ બે સહાયકારક ક્રિયાપદ આવે ત્યારે not બે સહાયકારકની વચ્ચે મૂકવું.

પૂર્ણ વર્ત્તમાનકાળ.	પૂર્ણ ભૂતકાળ.	પૂર્ણ ભવિષ્યકાળ.
I have not written	I had not written	I shall not have written
Thou hast not written	Thou hadst not written	Thou wilt not have written
He has not written	He had not written	He will not have written
We have not written etc.	We had not written etc.	We shall not have written

૧૦૧) સામાન્યરૂપ.	ભૂતકાળ.	ભૂતકૃદંત.
સવારી કરવી, ઘોડે બેસવું to ride	rode	ridden
પીવું to drink	drank	drunk
લખવું to write	wrote	written
હાંકવું to drive	drove	driven
પડવું to fall	fell	fallen
ઊઠવું (ઉગવું) rise	rose	risen
નાંખવું to throw	threw	thrown
વીસરવું forget	forgot	forgotten
માફ કરવું to forgive	forgave	forgiven

૧૦૨) અભ્યાસપાઠ.

પાણીજ only water
દારૂ liquor
માછી a fisherman
શેર a pound, a pint.
બસ enough
દશ માઇલ ten miles
હવાડો a water trough
સાત વખત seven times
ગામ a village
આવતી કાલે to-morrow
વહેલું early
ચઢવું, ઉગવું to rise
કાલે સવારે to-morrow morning
નકામું useless
ફેંકી દેવું to throw away
એકલું alone, only
હલાવવું to shake
પતંગ a kite
ઉડવું, ઉડાવવું to fly
ઊઠવું to get up

૧. આ ભરવાડ દૂધ પીએ છે. ૨. તે બહુ દૂધ પીતો નથી. ૩. આ માછીઓ દારૂ પીએ છે. ૪. તમે પતંગ ઉડાવો છો? ૫. હા, ગઇ કાલે અમે અમારૂં પતંગ ખેતરમાં લઇ ગયા અને ત્યાં ઉડાવ્યું. ૬. તમે દારૂ પીઓ છો? ૭. ના, સાહેબ, અમે

દારૂ પીતા નથી, અમે પાણીજ પીએ છીએ. ૮. તમે પાણી પીશો? ૯. પેલો ભરવાડ ગામની ગાયોને નદી તરફ હાંકે છે. ૧૦. કાલે તેણે તેમને હવાડા તરફ હાંકી. ૧૧. તમે સવારે ક્યારે ઊઠો છો? ૧૨. હું ૭ વાગે ઊઠું છું. ૧૩. સૂરજ ક્યારે ઉગશે? ૧૪. સૂરજ ઉગ્યો છે. ૧૫. આવતી કાલે તમે ક્યારે ઊઠશો? ૧૬. હું વહેલો ઊઠીશ, પણ ગઇ કાલે હું વહેલો ઊઠયો ન હતો (use the past tense). ૧૭. નદીનું પાણી ૭ ફૂટ ચઢ્યું છે. ૧૮. શું તમે કાલે સવારે (ઘોડે બેસીને) ફરવા જશો? ૧૯. અમે કાલે સવારે (ઘોડે બેસીને) ફરવા નહિ જઇશું. ૨૦. મારો ભાઇ દશ માઇલ ઘોડે બેસીને ગયો. ૨૧. શું તમે રોજ કાગળ લખો છો? ૨૨. કાલે મેં એક લખ્યો? ૨૩. મેં મારા અભ્યાસ-પાઠ લખ્યા નથી. ૨૪. ઓ ઇશ્વર, મારાં પાપ માફ કર. ૨૫. તમારી ચોપડી ફેંકો ના. ૨૬. મેજ ઉપરથી (off) ચોપડી પડી છે. ૨૭. હું નહિ પડીશ. ૨૮. કાલે હું ઝાડ ઉપરથી પડયો. ૨૯. તેણે ખૂણામાં (into) ચોપડી ફેંકી. ૩૦. મારો ચપ્પુ નકામો હતો, મેં તે ફેંકી દીધો છે. ૩૧. હું તમને વીસરીશ નહિ. ૩૨. શું તમે મને વીસરી ગયા છો? ૩૩. હું તમને ઓળખું છું, પણ તમારૂં નામ વીસરી ગયો છું. ૩૪. મેજ કોણ હલાવે છે? ૩૫. ગોવિંદ, મેજ ના હલાવો. ૩૬. એકલો ઇશ્વર પાપ માફ કરે છે. ૩૭. હું તમને માફ કરૂં છું. ૩૮. તમે મને માફ કરશો? ૩૯. ઝાડ હલાવો (આજ્ઞાર્થ) એટલે (and) કેરીઓ પડશે. ૪૦. આ ચોપડી મેં સાત વખત વાંચી છે.

પાઠ ૨૭.

There નો ઉપયોગ.

The Use of "There."

૧૦૩) જો વાક્યમાં હો મુખ્ય ક્રિયાપદ હોય અને ઠેકાણું બતાવનાર કોઇ શબ્દ સ્પષ્ટ કે અધ્યાહાર હોય તો અંગ્રેજીમાં વાક્યને આરંભે "There" આવે છે અને ક્રિયાપદ પછી કર્ત્તા આવે છે. જેમકે ઝાડ પર એક વાંદરો છે, There is a monkey on the tree. વર્ગમાં દશ છોકરાઓ હતા, There were ten boys in the class. મેજ પર એકે ચોપડી નથી. There is not a single book on the table.

૧૦૪) જો સવાલ પૂછવો હોય તો ક્રિયાપદને there ની પહેલાં મૂકવો. જેમકે ઝાડ પર વાંદરો છે? Is there a monkey on the tree? શું આ વર્ગમાં દશ છોકરા હતા? Were there ten boys in the class?

૧૦૫) સામાન્યરૂપ.	ભૂતકાળ.	ભૂતકૃદંત.
મેળવવું, થવું to get	got	got
રોવું to weep	wept	wept
ઊંઘવું to sleep	slept	slept
છોડવું to leave	left	left
ટાંગવું to hang	hung	hanged, hung
સાંભળવું to hear	heard	heard
મૂકવું to lay	laid	laid
કહેવું to say	said	said
વેચવું to sell	sold	sold.

૧૦૬) અભ્યાસપાઠ.

ઇનામ a prize
અઠવાડીઉં a week
સેતરંજી a carpet
છિદ્ર a hole
એકે single
નળીઉં a tile
છાપરૂં a roof
ખૂબ much, very much
ખીલી, ખીંટી a peg
તલ, રજ a mote
બારી a window
ફરીથી બોલી જવું to repeat
કેમકે because
કાપડ, કપડું cloth
સૂવાની કોટડી a bed-room
ધૂળ dust
ઘણું a great deal of, much
સારી પેઠે well
લુગડાં, તૈયાર લુગડાં clothes
પુસ્તકશાળા a library

૧. ગઇ રાતે મારી કોટડીમાં એક કુતરો હતો. ૨. મેં ઇનામ મેળવ્યું છે. ૩. અઠવાડીઆના (in the week) સાત દિવસ છે. ૪. શેતરંજીમાં છિદ્ર છે. ૫. છાપરા પર એકે નળીઉં નથી. ૬. તે ખૂબ રડી, કેમકે તેને ઇનામ મળ્યું નહિ. ૭. સૂવાની કોટડીમાં ઘણી ધૂળ હતી. ૮. ગઇ રાતે હું સારી પેઠે ઊંઘ્યો. ૯. આ દિવાલમાં એકે બારી નથી. ૧૦. તે ખીલી પર તેણે ડગલો ટાંગ્યો. ૧૧. દરવાજા પર મેં ટોપલી ટાંગી છે. ૧૨. તારી આંખમાં તણખલું છે. ૧૩. એવું મેં સાંભળ્યું છે. ૧૪. શું તમે સાંભળો છો? ૧૫. શું તેઓ સાંભળશે? ૧૬. અમે સાંભળીશું નહિ. ૧૭. મેં મેજ ઉપર ચોપડી મૂકી છે. ૧૮. મારા ખેતરમાં ચાર વડનાં ઝાડ છે. ૧૯. ઉભા થાઓ, અને પાઠ ફરીથી બોલી જાઓ. ૨૦. તમે શું કહો છો? ૨૧. મેં એવું કહ્યું. ૨૨. શું તમે એવું કહ્યું? ૨૩. તમે કાપડ વેચો છો? ૨૪. શું તમે તૈયાર લુગડાં વેચો છો? ૨૫. શું તમારી વાડીમાં ઘણાં ઝાડ છે? ૨૬. તમારી પેટીમાં શું છે? ૨૭. પુસ્તક-

શાળામાં ઘણી સારી ચોપડીઓ છે. ૨૮. આ ચોપડીમાં પાંત્રીસ પાઠ છે. ૨૯. તમારી ચોપડીમાં એકે સારો પાઠ નથી.

પાઠ ૨૮.

નામયોગી અવ્યયના ઉપયોગ વિષે.

THE USE OF PREPOSITIONS.

૧૦૭) ગુજરાતીમાં સાત વિભક્તિ છે અને અંગ્રેજીમાં માત્ર ત્રણ છે એ તમે શીખી ગયા છો. ગુજરાતીમાં ૧ લી તથા ૨ જી વિભક્તિના પ્રત્યય નથી. તેમજ અંગ્રેજીમાં પણ Nominative case તથા Objective case ના પ્રત્યય નથી. ફક્ત Possessive case નો પ્રત્યય છે તે 's છે. પણ તેને ઠેકાણે of ઘણું કરીને વપરાય છે. ગુજરાતીમાં ત્રીજી, ચોથી, પાંચમી, છટ્ઠી, સાતમી વિભક્તિના પ્રત્યય છે, પણ અંગ્રેજીમાં એ વિભક્તિનો અર્થ દેખાડવાને નામયોગી અવ્યય (Prepositions) વપરાય છે.

૧૦૮) ત્રીજી વિભક્તિ કરણને અર્થે વપરાય છે ત્યારે અંગ્રેજીમાં તે અર્થ દેખાડવાને નામયોગી by કે with વાપરે છે. મેં તે કલમે લખ્યું. I wrote it with a pen, તે શહેર આગે નાશ પામ્યું. The city was destroyed by fire.

૧૦૯) ચોથી વિભક્તિનો અર્થ સંપ્રદાન છે, એટલે કોઇને કંઇ આપવું, પીરસવું વગેરે. અંગ્રેજીમાં સંપ્રદાનનો અર્થ દેખાડનાર નામયોગી to છે. જેમકે મોતીરામને તેણે એક રૂપીઓ આપ્યો. He gave a rupee to Motiram.

૧૧૦) પાંચમી વિભક્તિનો અર્થ અપાદાન છે એટલે કોઇ ઠેકાણેથી નીકળવું, જવું, વગેરે. અંગ્રેજીમાં તે અર્થ દેખાડવાને

નામયોગી from વાપરે છે. જેમકે, તે મુંબઇથી આવ્યો He came from Bombay. પણ જો કરણને અર્થે પાંચમી વિભક્તિ વપરાઇ હોય તો by કે with થી તરજુમો કરવો. જેમકે, તે જગ્યા લીલા ઘાસથી ઢંકાએલી છે The place is covered with green grass.

૧૧૧) છઠ્ઠી વિભક્તિનો અર્થ સંબંધ છે. તે ઘણું કરીને કબજો બતાવે છે, પણ તે ઘણે અર્થે વપરાય છે. અંગ્રેજીમાં એ વિભક્તિનો અર્થ 's થી કે of થી દેખાડાય છે. જેમકે, અકબરનું રાજ્ય Akbar's reign. ગાડાના પૈડાં The wheels of the cart.

સૂચના:—પ્રાણીવાચક નામ હોય તો 's કે of એમાંથી એક વાપરી શકાય, જેમકે Akbar's reign અથવા the reign of Akbar. પણ જો નિર્જીવ વસ્તુસૂચક નામ હોય તો of વાપરવો, 's વાપરી ન શકાય. જેમકે, the wheels of the cart, the roof of the house, the map of Asia. યાદ રાખવું કે the house's roof, Asia's map એ કેવળ ખોટું છે.

૧૧૨) સાતમી વિભક્તિ સ્થળ, સમય વગેરે બતાવે છે. તેનો અર્થ દેખાડવાને નામયોગી in, into, at વગેરે વપરાય છે. નદીમાં ઘણું પાણી છે There is much water in the river. તે વર્ગમાં આવ્યો He came into the class. ઘુવડ રાત્રે બહાર નીકળે છે The owl comes out at night.

૧૧૩) નામયોગીના સંબંધમાં આ યાદ રાખવું જોઇએ કે અંગ્રેજીમાં નામયોગી પહેલાં આવે છે, અને તેની પછી નામ મૂકાય છે; અને ગુજરાતીમાં નામયોગી નામની પાછળ મૂકાય છે.

ગુજરાતીમાં આપણે 'મેજ ઉપર' એમ કહીએ છીએ પણ અંગ્રેજીમાં on the table એમ બોલવું. ઘર પાસે near the house, ઝાડ તળે under the tree.

૧૧૪) વળી ગુજરાતીમાં નામયોગી પૂર્વે જે નામ કે સર્વનામ આવે છે તેની વિભક્તિ છઠ્ઠી છે, પણ અંગ્રેજીમાં જે નામ કે સર્વનામની આગળ નામયોગી આવે તે Objective case માં હોય છે. ગુજરાતીમાં આપણે 'મારી પાસે' એમ બોલીએ છીએ પણ અંગ્રેજીમાં near me એમ બોલવું. અમારી જોડે with us, તમારા તરફ towards you, તેને વિષે about him, જમીનની નીચે under the ground, વાડીની આસપાસ around the garden.

અભ્યાસપાઠ.

૧૧૫) બીજાં અનિયમિત ક્રિયાપદ—Other irregular verbs.

સામાન્યરૂપ.	ભૂતકાળ.	ભૂતકૃદંત.
બળવું, બાળવું to burn	burnt	burnt
કાંતવું to spin	span	spun
વણવું to weave	wove	woven
ચોરવું to steal	stole	stolen
વાવવું, ઓરવું to sow	sowed	sown
ટીપવું, મારવું to strike	struck	struck
સમ ખાવા to swear	swore	sworn
વિચારવું, ધારવું to think	thought	thought

ઋતુ a season
રૂ cotton
દીવો, બત્તી a lamp
ઓરડો a room
ચોર a thief
ચાર દિવસ સુધી for four days
દરેક વસ્તુ everything
પાકે છે, ઉગે છે grow
સૌથી સારા best
વર્ષાઋતુ the rainy season
વિષે about
ગરમ દેશો hot countries
ઘઉં wheat
કેટલાં how many
એક બીજા જોડે with each other
લુહારની દુકાન a smithy
લોઢું iron
વાડ a hedge
કે that
નેતર a cane

૧. આ ઓરડામાં બે દીવા બળતા હતા. ૨. આગ દરેક વસ્તુને બાળે છે. ૩. રૂ ગરમ દેશોમાં પાકે છે. ૪. સૌથી સારા ઘોડા અરબસ્તાનથી આવે છે. ૫. પેલી બાયડી રૂ કાંતે છે. ૬. ખેડુત તેના ખેતરમાં શું વાવે છે? ૭. તે ઘઉં વાવે છે. ૮. તે ઝાડ પર કેટલાં પક્ષી બેઠાં છે? ૯. આ વર્ગમાં કેટલા છોકરા છે? ૧૦. અમારા વર્ગમાં ૨૭ છોકરા છે. ૧૧. મારા ઘર પાસે વાડીમાં બાળકો રમતાં હતાં. ૧૨. તેઓ એક બીજા જોડે રમે છે. ૧૩. ગઇ કાલે એક ચોર આવ્યો અને પેલી ગરીબ બાયડીનાં લુગડાં ચોરી ગયો. ૧૪. તે લુહારને તમે જુઓ છો? ૧૫. હા, જી, તે તેની દુકાનમાં બેઠેલો છે. ૧૬. તે શું કરે છે? ૧૭. તે હથોડા વડે લોઢું ટીપે છે. ૧૮. તે સવારથી સાંજ સુધી કામ કરે છે. ૧૯. અમારા બાગની આસપાસ વાડ છે. ૨૦. આ માણસ સમ ખાતો નથી. ૨૧. હું ધારું છું કે આ માણસ ચોર છે. ૨૨. તેણે કુતરાને નેતરે માર્યો. ૨૩. હું તે વિષે વિચાર કરું છું. ૨૪. મેં તે વિષે ઘણો વિચાર કર્યો છે. ૨૫. તમે મને ગોપાળ

વિષે પૂછો છો? ૨૬. હા, તે ક્યાં છે? ૨૭. તે ચાર દિવસ સુધી માંદો હતો, હું ધારૂં છું કે તે હવે સારીપેઠે છે. ૨૮. તે નિશાળે ક્યારે આવશે? ૨૯. હિંદુસ્તાનમાં ત્રણ ઋતુઓ છે—શિઆળો, ઉનાળો અને વર્ષાઋતુ. ૩૦. બાળકો, એકબીજાને ચાહો. ૩૧. તે બાયડી કાંતે છે અને પેલો પુરૂષ વણે છે. ૩૨. તે છોકરી કાપડ વણતાં શીખે છે.

પાઠ ૨૯.

"ને" પ્રત્યય વિષે.

THE SUFFIX ને.

૧૧૬) ગુજરાતીમાં કોઇ વેળાએ કર્મને ચોથા વિભક્તિનો પ્રત્યય 'ને' લગાડે છે, જેમકે, હું મારા ભાઇ બેનને ચાહું છું, મેં તે છોકરાને જોયો. એ વખતે વિદ્યાર્થીએ સાવધ રહેવું અને ભૂલથી અંગ્રેજી નામયોગી to વાપરવો નહિ. "ને" પ્રત્યય વપરાયો હોય ત્યારે વિચાર કરવો કે તે કર્મને અર્થે વપરાયલો છે કે સંપ્રદાનને અર્થ. જો કર્મને અર્થ વપરાયો હોય તો "ને" ને માટે અંગ્રેજીમાં કશું જોઇએ નહિ. પણ જો "ને" સંપ્રદાનને અર્થે વપરાયો હોય તો to નામયોગી વાપરવો જોઇએ. જેમકે હું મારા ભાઇને ચાહું છું I love my brother. મેં તે છોકરાને જોયો I saw that boy. પણ મેં મોતીરામને એક રૂપીઓ આપ્યો—એ વાક્યમાં મોતીરામને એ ચોથી વિભક્તિ છે ત્યારે તો to વાપરવો જોઇએ, I gave a rupee to Motiram.

૧૧૭) અભ્યાસપાઠ.

બતાવવું to show
શીખવ્યા વગર without any teaching
બનાવી શકે છે can make
શક્તિ power
પ્રાણીઓ creatures
સમજાવવું to explain
બે વખત twice
થવું, બનવું to happen
નુકસાન harm, injury
વાત કરવી to talk (to, with)
પીતરાઇ ભાઇ a cousin
માટે so, therefore
મધપૂડો a honey comb
સમજવું to understand
કેમકે because
પોતાની બધી all his
મદદ help
સરકાર the Government
સોંપવું to entrust
મોટા અમલદાર high officers
લાગવું, દેખાવું to seem
અપ્રામાણિક dishonest
પોતાને to himself
પૈડું a wheel
બાઇ a lady, a gentlewoman
હા yes

૧. મને રસ્તો બતાવો. ૨. હું પક્ષીને તેના માળામાં બેઠેલું જોઉં છું. ૩. શેઠે તેના ચાકરને પોતાનો જૂનો ડગલો આપ્યો. ૪. શીખવ્યા વગર પક્ષી પોતાનો માળો બાંધી શકે છે અને મધમાખી મધપૂડો બનાવી શકે છે. ૫. તેમને આ શક્તિ કોણે આપી ? ૬. ઇશ્વરે આ શક્તિ તેમને આપી છે. ૭. મહેતાજીએ તે દાખલો મને બે વાર સમજાવ્યો. ૮. આ વાક્ય હું તમને સમજાવી શકતો નથી કેમકે હું તે સમજી શકતો નથી. ૯. તેણે પોતાની બધી ચોપડીઓ મને વેચી. ૧૦. જ્યારે વરસાદ આવતો નથી અને ધાન્ય પાકતું નથી ત્યારે સરકાર ખેડુતને મદદ આપે છે. ૧૧. સરકાર એ કામ મોટા અમલદારોને સોંપે છે. ૧૨. આજ તમને શું થયું છે, તમે કેમ બોલતા નથી ? ૧૩. મને

લાગે છે કે તે માણસ અપ્રામાણિક છે. ૧૪. અપ્રામાણિક માણસ પોતાને નુકસાન કરે છે. ૧૫. દરેક માણસને ચાહો અને દરેક જણને મદદ આપો. ૧૬. હું મારા ભાઇબેનોને ચાહું છું અને તેઓ મને ચાહે છે. ૧૭. મને એક કેરી આપો. ૧૮. તેની પાસે (૧૦) જાઓ અને તેની સાથે વાત કરો. ૧૯. તમારા પીતરાઇ ભાઇ સાથે ખેતરમાં જાઓ અને રમો. ૨૦. આ મારી મા છે, તેની પાસે જાઓ અને તેની સાથે વાત કરો. ૨૧. આ ખડીઓ મારો છે કે તમારો ? ૨૨. તે મારો છે માટે મને આપો ૨૩. તું અમને દેખતો નથી પણ અમે તને જોઇએ છીએ. ૨૪. આપણે ઇશ્વરને જોતા નથી, પણ ઇશ્વર આપણને જુએ છે. ૨૫. આ પેટી મારી નથી, તે મારા ભાઇની છે. ૨૬. જુઓ, આ માખી છે, તેની પાંખ જુઓ. ૨૭. જુઓ, પેલી ગાયો ખેતરેથી આવે છે. ૨૮. હું તેઓને ઓળખું છું, આ તેઓની ગાડી છે અને તેનું પૈડું ભાંગી ગએલું છે. ૨૯. આ બાઇને હું ઓળખું છું, તેનો છોકરો અમારી સાથે નિશાળે ભણે છે. ૩૦. શું આ ચપ્પુ તારો છે ? ૩૧. હા, તે મારો છે, તારો નથી.

કોષ.

VOCABULARY.

અ

અગાઉ formerly
અંગ્રેજી English
અજાણ્યો a stranger
અટકવું to stop
અઠવાડીઉં a week
અથવા or
અનાજ corn, grain
અપ્રામાણિક dishonest
અભ્યાસપાઠ an exercise
અમે we
અમને us
અમલદાર an officer
અરબસ્તાન Arabia
અસ્ત પામવું to set

આ

આખો all, the whole
આંગળી a finger
આજ to-day
આજારી a patient
આંધળું blind
આપવું to give
આંબો a mango tree
આમ thus
આવડવું to know
આવવું to come
આવી પોહચવું to reach
આળસુ idle

ઇ

ઇચ્છા a wish
ઇજા કરવી to hurt
ઇનામ a prize
ઇશ્વર God

ઉ

ઉગવું to grow (સૂર્ય) to rise
ઉઘાડવું to open
ઉંઘવું to sleep
ઉંચું tall, high
ઉછીનું લેવું to borrow
ઉંટ a camel
ઉઠવું to rise, to get up
ઉડવું to fly
ઉતાવળથી quickly
ઉંદર a rat, a mouse

ઉપડવું to start
ઉભા થવું to stand up
ઉભા રહેવું to stand

એ

એક one
એકલું alone

ઓ

ઓરવું to sow
ઓરડો a room
ઓળખવું to know

ઋ

ઋતુ a season

ક

કડીઓ a mason
કણીઓ a corn-seller
કપડું (કાપડ) cloth
કબૂલ કરવું to confess
કરડવું to bite
કરવું to do
કલમ a pen
કલાક an hour
કહેવું to say, to tell
કાકો an uncle
કાગળ paper
કાંતવું to spin
કાપવું to cut
કામ work
કામ કરવું to work
કારણ કે because
કાલે (ગઇ) yesterday
કાલે (આવતી) to-morrow
કાળું black
કિરણ rays
કુતરો a dog
કુચી a key
કુંચી દેવી to lock up
કુંચી આપવી to wind
કુંભાર a potter
કુહાડો an axe
કે or, that
કેટલાક some, several
કેમ how ?
કેરી a mango
કેવળ only
કેવા how
કેહવું to say, to tell
કોઇ some one
કોઇ વખતે sometimes
કોટડી a room
કોઠાર a granary
કોણ who ?
કોળવાઇ a trap
ક્યાં where
ક્યારે when
ક્રિકેટ cricket

ખ

ખડીઓ an inkstand

ખમવું to bear
ખવડાવવું to feed
ખરૂં right
ખાંડ sugar
ખારવો a sailor
ખાલી empty
ખાવું to eat
ખીલી, ખીંટી a peg
ખુબ much
ખુલ્લું open
ખુરસી a chair
ખેડુત a farmer
ખેતર a field
ખોટું wrong
ખોદવું to dig

ગ

ગઇકાલે yesterday
ગઇરાતે last night
ગજવું a pocket
ગધેડો an ass
ગમવું to like
ગયે વરસે last year
ગરમ warm, hot
ગરીબ poor
ગાય a cow
ગાવું to sing
ગામ a village
ગુલાબ a rose
ગુલાબનું ઝાડ a rose bush
ગુસ્સે angry
ગુંથવું to knit

ઘ

ઘઉં wheat
ઘડવું to forge
ઘડીઆળ (મોટું) a clock
„ (નાનું) a vatch
ઘંટ a bell
ઘંટી a mill, a grinding mill
ઘડો a pot, a waterpot
ઘણા many
ઘણું much, a great deal
ઘણું કરીને generally
ઘર a house, home
ઘરડું old
ઘરેણું jewellery
ઘાણી a mill, an oil mill
ઘાસ grass
ઘેટું a sheep
ઘોચવું to thrust
ઘોડો a horse
ઘોડાવાળો a groom

ચ

ચઢવું to rise, to climb
ચણા gram
ચપ્પુ a penknife
ચરવું to graze
ચા tea

ચાહવું to love, to like
ચિતારો a painter
ચીમળાવું to wither
ચોપડી a book
ચોર a thief
ચોરવું to steal

છ

છત્રી an umbrella
છાપરૂં a roof
છિદ્ર a hole
છેતરવું to cheat
છોકરૂં a child
છોકરો a boy
છોડી a girl
છોડી દેવું to leave

જ

જડવું to find
જણવું to bear
જરા a little
જલદી quickly
જવુ to go
જાણવું to know
જીતવું to win
જીન a saddle
જુવાન young
જૂ a louse
જૂનું old
જૂઠું બોલવું to tell a lie
જોવું to see

ઝ

ઝાડ a tree
ઝાલવું } to catch
ઝીલવું }

ટ

ટપાલવાળો a postman
ટાંગવું to hang
ટાઢું cold
ટીપવું to strike
ટોપી a cap, a hat
ટોપલી a basket

ડ

ડગલો a coat
ડાળી a branch
ડોસો an old man

ઢ

ઢીંગલી a doll

ત

તબેલો a stable
તરફ towards
તરવુ to swim
તલ a mote
તલાવ a pond
(કોઇને) ત્યાં જવું to go to one's house
તસુ an inch
તાબે થવું to obey
તાળું દેવું to lock

ત્રીજે ત્રીજે દીવસે every other day
તુટેલું broken
તે he, she, it, that
તેડી લાવવું to bring
તૈયાર થવું to be ready
તોબરો a nose-bag
તો પણ yet, still

થ

થવું to be, to become
થાંભલો a pillar
થોડા a few
થોડી વારમાં soon
થોડું some, a little

દ

દડો a ball
દરજી a tailor
દરવાજો a door
દરેક every
દશ વાગે છે it strikes ten
દશ વાગ્યા છે it is ten o'clock
દળવું to grind
દહાડો a day
દાખલો a sum
દાંત teeth
દારૂ liquor
દીકરી a daughter
દીકરો a son
દીવસ a day
દીવો a lamp
દૂધ milk
દેખાવું to seem, to appear
દેવળ a church
દેવું to give, to let
દોડવું to run
દોરડું a rope
દોરવી જવું to lead
દોહવું to milk

ધ

ધરવું to hold
ધસવું to rush
ધારવું to think, to suppose
ધિક્કારવું to hate
ધીમેથી slowly
ધૂળ dust
ધોરણ a standard

ન

નકશો a map
નકામું useless
નઠારૂં bad, wicked
નદી a river
નહાવું to bathe
નહિ no, not
નળી (પાણીની) a water-pipe
નળીયું a tile
નાખવું to throw
નાતાલ Christmas

નાનું small, little
નાનું બાળક a baby
નિશાળે to school
નીકળવું to come out
નુકસાન harm, injury
નેતર cane, a cane
નોકર a servant

પ

પકડવું to hold
પગ a foot, a leg
પછી after, afterwards
પટાવાળો a peon
પટાટા potatoes
પડાળી, પડશાળ a verandah
પડવું to fall
પણ but, also
પત્થર પાટી a slate
પતંગ a kite
પથારી a bed
પરપોટો a bubble
પસંદ કરવું to choose, to prefer
પવિત્ર holy, pure
પાકવું to grow, to ripen
પાઘડી a turban
પાછળ behind
પાઠ a lesson
પાઠ લેવો to hear a lesson
પાઠ વાંચવો to say a lesson
પાડોસી a neighbour
પાણી water
પાથરવું to spread
પાનું a page
પાપ sin
પારણું a cradle
પાસે by, beside
પિતરાઇ ભાઇ (કે બેન) a cousin
પીવું to drink
પુછડું a tail
પૂજવું to worship
પુતળી a doll
પુરૂં થવું to be done
પુરૂષ a man
પૂરો perfectly
પુસ્તકશાળા a library
પૃથ્વી the earth
પેટી a box
પેદા કરવું to create
પેહેલો first
પેહેરવું to put on
પૈડું a wheel
પૈસા money
પૈસાની થેલી a purse
પૈસાદાર rich
પૈસા બેસવા to cost
પોપટ a parrot
પોહોંચવું to reach

પોહોળો broad
પ્યાલું a cup
પ્રકાશવું to shine
પ્રાર્થના a prayer
પ્રાર્થના કરવી to pray
પ્રાણી a creature
પ્રામાણિક honest
પ્રખ્યાત famous
પક્ષી a bird

ફ

ફક્ત only
ફરજ a duty
ફળ fruit
ફરીથી બોલવું to repeat
ફાડવું to split, to tear
ફિક્કો pale
ફૂટવું to burst
ફૂલ a flower
ફેંકીદેવું to throw away
ફોડવું to break

બ

બચાવવું to preserve
બજારે to market
બતાવવું to point out
બદન a vest
બંધ કરવું to shut
બધું all
બનવું to happen
બનાવવું to make
બળવું to burn
બસ enough
બળદ an ox
બહાર out
બાઇ a lady
બાજરી millet
બાંધવું to build
બાયડી a woman
બારી a window
બાળક a child
બાળવું to burn
બિચારો poor
બિલાડીનું બચ્ચું a kitten
બીજું another, second
બીવું to fear
બેન a sister
બેવાર twice
બેસવું to sit
(ઋતુનું) બેસવું to set in
બોરીઉં a button
બોલવું to speak
બોલાવવું to call

ભ

ભજવું to worship
ભડકવું to shy
ભત્રીજો a nephew
ભરેલી full
ભરવું to fill
(પાણી) ભરવું to fetch water

ભરવાડ a shepherd
ભસવું to bark
ભાંગવું to break
ભાગ્યે seldom
ભાષા a language
ભાઇ a brother
ભીખ માગવી to beg
ભીખારી a beggar
ભૂગોળવિદ્યા geography
ભૂસી નાખવું to rub out
ભેળવું to mix
ભેટ a present
ભેંસ a buffalo

મ

મગર an alligator
મદદ help
મધપૂડો a honey comb
મરીજવું to die
મળવું to mix, to get
મા a mother
માછી a fisherman
માંડવું to begin
માંદું ill
માનવું to obey
માન આપવું to honour
માફ કરવું to forgive
માબાપ parents
મારવું to beat
મારી નાખવું to kill
માળી a gardener
માળો a nest
મીઠું sweet
મૂકવું to put, to lay
મુસાફર a traveller
મુસાફરી કરવી to travel
મેજ a table
મેહેલ a palace
મેળવવું to mix
મોકલવું to send
મોજું a sock, a stocking
મોઘું dear
મોટું big

ર

રજ a mote
રજા આપવી to let
રમકડું a toy
રમતીયાળ playful
રસોઇઓ a cook
રસોઇ કરવી to cook
રસ્તો a road
રક્ષણ કરવું to preserve
રાજા a king
રાહ જોવી to wait for
રૂ cotton
રૂમાલ a handkerchief
રેહવું to live
રોજ daily
રોટલો bread

રોવું to weep

લ

લઇ જવું to take away
લખવું to write
લડવું to fight
લશ્કર an army
લાકડાં firewood
લાગવું to seem, to appear
લાંબું long
લાલ red
લાવવું to bring
લુગડાં clothes
લુગડાં પહેરવાં to wear
લુલો lame
લુહાર blacksmith
લુહારની દુકાન a smithy
લેવું to take
લોક people
લોઢું iron

વ

વગાડવું to ring
વચન આપવું to promise
વડ a banyan tree
વણવું to weave
વરસાદ rain
વર્ષ a year
વસંત spring
વાઘ a tiger
વાંચવું to read
વાડ a hedge
વાડી a garden
વાંદરો a monkey
વાત કરવી to talk
વાર્તા a story
વાવવું to sow
વાળવું to sweep
વિચારવું to think
વિચિત્ર strange
વિસરવું to forget
વિષે about
વેચવું to sell
વેચાતું લેવું to buy
વહેલું early
વ્યાકરણ grammar
વર્ષાઋતુ the rainy season

શ

શકે છે can
શક્તિ power
શરીર a body
શરૂ કરવું–થવું to begin
શા માટે why
શિકારી a hunter
શિકારી કુતરો a hound
શીખવું to learn
શીખવવું to teach
શિઆળો winter
શિઆળ a fox
શીશી a bottle

શિક્ષક a teacher
શિક્ષા કરવી to punish
શું what
શેત્રંજી a carpet
શેર a pound, a pint
શેહેર a city

સ

સંતાડવું to hide
સંપૂરણ perfectly
સફેત white
સંભાળવું to preserve
સમ ખાવા to swear
સમજવું to understand
સમજાવવું to explain
સર્વ all
સરકાર Government
સવાર થઇને જવું to ride
સવારે in the morning
સાંકડું narrow
સાંજ evening
સાથી a companion
સાફ clean
સાંભળવું to hear
સારી પેઠે well
સાહેબ લોક Englishmen
સીદી a negro
સીવવું to sew
સીસાપેન a pencil
સિંહ a lion
સુકવવું to dry
સુકું dry
સુખી happy
સુતાર a carpenter
સુંદર pretty, beautiful
સુધરવું to improve
સૂર્ય the sun
સુવું to lie down
સુવાની કોટડી a bed room
સોય a needle
સોંપવું entrust
સોબતી a companion

હ

હમણા now
હવાડો a water trough
હલાવવું to shake
હસવું to laugh
હંસ a goose
હા yes
હાંકવું to drive
હાથ a hand
હીઆં here
હિંદુસ્તાન India
હુકમ a command
હુલ્લડ કરનારા rioters
હેઠલ beneath
હોવું to be

Printed by H. R. Scott, I. P. Mission, Surat.